# નવગુજરાત ટાઈમ્સ

Early Morning Daily of South Gujarat

■ તંત્રી - મુદ્રક - -કાશક : ગણેશ પી.સાવંત | ૦૫-૦૩-૨૦૨૫ બુધવાર | પાનાં ૮ કિંમત રૂ ૨.૦૦

■ માલિક, મુદ્રણ અને પ્રકાશન સ્થળ : શ્રી સાંઈ પ્રકાશન, એફ ૧ થી ૬, સંકલ્પ શોપીંગ સેન્ટર, ભટાર ટેનામેન્ટ સામે, ભટાર રોડ, સુરત. ફેક્સ નં.(૦૨૬૧) ૨૨૬૪૮૪૯ ■ ઈમેલ :- navgujarat2002@ yahoo.co.in

■ સળંગ વર્ષ : ૩૩ ‡ અંક : ૮૬ ‡ વિક્રમ સંવત ૨૦૮૧ ફાગણ સુદ છઠ્ઠ ■ REGD. NO.: SRT-182 / 2006-2008 ■ RNI NO. - 54951 / 93


### હાથીઓની હૉસ્પિટલની પણ મુલાકાત લીધી

# PM મોદીએ વનતારાનું લોકાર્પણ કર્યું: સિંહ, વાઘ, જિરાફ વચ્ચે પસાર સમય કર્યો

**વનતારામાં દોઢ લાખથી વધુ પશુ-પક્ષીઓને બચાવીને તેનો કુદરતી વાતાવરણમાં ઉછેર કરાઈ રહ્યો છે અહીં વડાપ્રધાન મોદીએ જુદી જુદી પ્રજાતિના પશુ-ક્ષીઓને ખૂબ નજીકથી નિહાળ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે હતા. ગુજરાત પ્રવાસ દરમિયાન તેમણે જામનગરના વનતારામાં વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. વનતારામાં દોઢ લાખથી વધુ પશુ-પક્ષીઓને બચાવીને તેનો કુદરતી વાતાવરણમાં ઉછેર કરાઈ રહ્યો છે. અહીં વડાપ્રધાન મોદીએ જુદી જુદી પ્રજાતિના પશુ-ક્ષીઓને ખૂબ નજીકથી નિહાળ્યા હતા. એટલું જ નહીં, વડાપ્રધાન મોદીએ એશિયાટિક સિંહબાળ, સફેદ સિંહબાળ, દુર્લભ દીપડાના બચ્ચાંને રમાડીને તેમને ભોજન પણ કરાવ્યું હતું. આ દરમિયાન તેમણે વાઈલ્ડલાઈફ હૉસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. આ હૉસ્પિટલમાં પ્રાણીઓને ઉત્તમ સારવાર મળી રહે તે માટે વાઈલ્ડલાઈફ કાર્ડિયોલૉજી, નેફ્રોલૉજી, એન્ડોસ્કોપી સહિતના વિભાગો બનાવાયા છે, જ્યાં MRI, CT સ્કેન, ICU સહિતની તમામ અત્યાધુનિક સુવિધા છે.



વનતારા હૉસ્પિટલની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ MRIમાંથી પસાર થઈ રહેલા એશિયાટિક સિંહને નિહાળ્યો હતો. આ ઉપરાંત પ્રાણીઓને કઈ રીતે સારવાર અપાય છે તેનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ઓપરેશન થિયેટરની પણ મુલાકાત લીધી હતી, જ્યાં દીપડાને સારવાર અપાઈ રહી હતી. આ દીપડો હાઈવે પર કાર સાથે ટક્કર બાદ ઈજાગ્રસ્ત થયો હતો, જેથી તેને રેસ્ક્યુ કરી વનતારામાં લવાયો હતો. વનતારામાં રેસ્ક્યુ કરીને લવાયેલા એશિયાટિક સિંહ, એકશિંગી ગેંડા સહિતના પ્રાણીઓને વનતારામાં અનુકૂળ પ્રાકૃતિક વાતાવરણ અપાય છે. અહીં વડાપ્રધાન મોદીએ ગોલ્ડન ટાઈગર, સફેદ સિંહ, દીપડાને ખૂબ નજીકથી નિહાળ્યા હતા. અહીં સર્કસમાંથી રેસ્ક્યુ કરાયેલા ચાર સ્નો ટાઈગર પણ તેમણે નિહાળ્યા હતા.

અહીં વડાપ્રધાન મોદીએ હેણોતરો પણ જોયો હતો, જે હાલ ભારતમાં ખૂબ જ ઓછું જોવા મળે છે. આ પ્રાણી ગુજરાતમાં ગશ અને શિયાગશ નામે જાણીતું છે. વનતારામાં હેણોતરોની સંખ્યા વધારવા માટે તેમને ખાસ બ્રીડિંગ પ્રોગ્રામ હેઠળ રખાય છે અને બાદમાં જંગલમાં છોડી મૂકાય છે.

આ અનોખી મુલાકાતમાં વડાપ્રધાન મોદીએ ઓકાપી(આફ્રિકન પ્રાણી)ને થપથપાવી વ્હાલ કર્યું હતું. ચિમ્પાન્ઝી નિહાળ્યા તથા ઉરાંગઉટાંગને ગળે લગાવ્યા હતા. તેમણે ખૂબ નજીકથી પાણીની અંદર તરતાં હિપ્પોપોટેમસ અને મગર નિહાળ્યા હતા. જિરાફ,

અનુસંધાન પાના ૭ પર

### ટ્રમ્પે કહ્યું- હવે કોઈ રસ્તો નથી બચ્યો

## અમેરિકાએ કેનેડા-ચીન સહિત ૩ દેશો પર ટેરિફ લગાવ્યા



વૉશિગ્ટન, તા.૪

અમેરિકન પ્રમુખ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે (ત્રીજી માર્ચ) જાહેરાત કરી હતી કે મેક્સિકો અને કેનેડાથી થતી આયાત પર ૨૫% ટેરિફ મંગળવાર (ચોથી માર્ચ)થી લાગુ કરાશે. આ ઉપરાંત તેમણે ચેતવણી આપી હતી કે આ દેશ પાસે હવે અમેરિકન વેપાર કાર્યવાહીથી બચવા માટે કોઈ રસ્તો બચ્યો નથી. આ જાહેરાત બાદ એક મહિના માટે ટેરિફ અગાઉ બંધ કરવામાં આવ્યા હતા, જેનાથી કેનેડા અને મેક્સિકો સાથે રાજદ્વારી વાટાઘાટો માટે જગ્યા મળી.પત્રકાર પરિષદમાં સંબોધન અમેરિકન પ્રમુખ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે,'ચોથી માર્ચથી કેનેડા અને મેક્સિકો પર ૨૫% ટેરિફ લાદવામાં આવશે. તે પહેલાથી જ શરૂ થઈ ગયું છે.' આ ઉપરાંત ટ્રમ્પે ચીની આયાત પર પહેલાથી જ લાદવામાં આવેલા ૧૦% ટેરિફને ૨૦% સુધી વધારવાનો આદેશ પણ આપ્યો છે. આ આદેશ પણ આજથી અમલમાં આવશે. ફેન્ટાનાઈલના ગેરકાયદે વેપાર સામે લડવા માટે ચીને હજુ સુધી કોઈ નક્કર વ્યૂહરચના વિકસાવી નથી.કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ કહ્યું કે, 'જો ટ્રમ્પ તેમની ટેરિફ યોજના લાગુ કરશે તો તેમની સરકાર બદલો લેવા તૈયાર છે. અમે ૧૫૫ બિલિયન ડોલરના ટેરિફ સાથે તૈયાર છીએ. અમે ટેરિફના પ્રથમ તબક્કા સાથે તૈયાર છીએ, જે ૩૦ બિલિયન ડોલર છે.'મેક્સીકન પ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે કહ્યું કે, 'અમે ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ અંગેની ધમકીઓનો જવાબ આપી છું. આ એક એવો નિર્ણય છે જે યુનાઈટેડ સ્ટેટ્સની સરકાર અને યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ પર આધાર રાખે છે. તેથી તેમનો નિર્ણય જે પણ હશે, અમે પણ અમારો નિર્ણય લઈશું. અમારી પાસે પણ એક યોજના છે.'

### ટ્રમ્પ સાથે પંગો ઝેલેન્સ્કીને ભારે પડ્યો

## અમેરિકાએ યુક્રેનને મળતી તમામ સૈન્ય મદદ પર રોક લગાવી



(સંપૂર્ણ સમાચાર સેવા)
વૉશિગ્ટન, તા.૪

વ્હાઈટ હાઉસમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે વિખવાદ બાદ અમેરિકા એક્શન મોડમાં આવ્યું છે. ટ્રમ્પે યુક્રેનને અપાતી તમામ સૈન્ય મદદ પર તાત્કાલિક રોક લગાવી છે. વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે ટ્રમ્પને ખાતરી થાય કે ઝેલેન્સ્કી પણ શાંતિના પક્ષમાં છે પછી જ યુક્રેનને કોઈ મદદ કરવામાં આવશે. ટ્રમ્પના આ નિર્ણયથી એક અબજ ડોલરના હથિયાર સંબંધિત મદદ પર સીધી અસર થશે. બીજી તરફ ઝેલેન્સ્કી યુક્રેનને સુરક્ષાની ગેરંટી માંગી રહ્યા છે. ઝેલેન્સ્કી અગાઉ પણ કહી ચૂક્યા છે કે તેમને નથી લાગતું કે યુદ્ધ વહેલા સમાપ્ત થશે, જે બાદ ટ્રમ્પે તેમની ટીકા કરી હતી. હવે ટ્રમ્પના મોટા નિર્ણય બાદ યુક્રેનને ઝટકો લાગ્યો છે. હવે ઝેલેન્સ્કીની નજર યુરોપ પર રહેશે. રશિયા સામેના યુદ્ધમાં યુરોપના મોટા ભાગના દેશો દ્વારા યુક્રેનને મદદનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. હાલમાં જ લંડનમાં યુરોપના દેશોની ઈમરજન્સી બેઠકમાં પણ તમામ દેશો યુક્રેનની મદદ માટે સહમત થયા હતા. નોંધનીય છે કે થોડા દિવસ અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિ અમેરિકાના પ્રવાસ પર પહોંચ્યા હતા. જોકે વ્હાઈટ હાઉસમાં મીડિયાની સામે જ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી. જે બાદ ઝેલેન્સ્કી બ્રિટન પહોંચ્યા, જ્યાં યુરોપિયન દેશોએ

અનુસંધાન પાના ૭ પર

### મોદી સરકાર', કોંગ્રેસ અધ્યક્ષ ખડગેનો આરોપ

## RTIના કાયદાને નબળો પાડવાના પ્રયાસ કરી રહી છે મોદી સરકાર

**કોંગ્રેસ સરકાર RTIના કાયદાને નબળો નહીં પડવા દેશે અને આ પ્રકારના પ્રયાસો વિરુદ્ધ સંસદથી લઈને રસ્તા સુધી અવાજ ઉઠાવતી રહેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, 'કેન્દ્ર સરકાર ડેટા પ્રોટેક્શનના નામ પર માહિતી અધિકાર કાયદોને નબળો પાડવાનું કામ કરી રહી છે.'

તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ સરકાર RTIના કાયદાને નબળો નહીં પડવા દેશે અને આ પ્રકારના પ્રયાસો વિરુદ્ધ સંસદથી લઈને રસ્તા સુધી અવાજ ઉઠાવતી રહેશે.

'મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, એક તરફ ભારત છેલ્લા કેટલાક વર્ષોથી ખોટી માહિતી અને દુષ્પ્રચારના મામલે ટોપ પર છે, તો બીજી તરફ મોદી સરકાર ડેટા પ્રોટેક્શન કાયદો લાવીને કોંગ્રેસ-યુપીએ દ્વારા લાગુ કરાયેલ માહિતી અધિકાર કાયદાને નબળો પાડવાના પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, ભલે તે જાહેર ક્ષેત્રની જાણકારી હોય જેમ કે, રેશનકાર્ડની યાદી, મનરેગાના લાભાર્થી મજૂરો, જન કલ્યાણ યોજનાઓમાં સામેલ લોકોના નામ, ચૂંટણીમાં મતદાર યાદી, કે પછી સરકારી બેંકોમાંથી લોન લઈને વિદેશ ભાગી ગયેલા કૌભાંડી અબજોપતિઓના નામ હોય, આ તમામના નામ જાહેરમાં હોવા જરૂરી છે,



પરંતુ હવે મોદી સરકાર ડેટા પ્રોટેક્શનના નામ પર RTIને નબળો બનાવી રહી છે,

જેના કારણે આવા નામ હવે જાહેર નહીં થઈ શકશે. ગોપનીયતાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે અને કોંગ્રેસે તેના માટે લડી છે, પરંતુ જ્યાં પબ્લિક વેલફેયરની વાત આવે છે,

ત્યાં RTI જરૂરી છે. કોંગ્રેસના RTIમાં પણ ગોપનીયતાના અધિકારનું ધ્યાન રાખવામાં આવ્યું હતું, પરંતુ એનો અર્થ એ નથી કે લાભાર્થીઓની યાદી અથવા કૌભાંડીઓના નામ જાહેર ન કરવા જોઈએ.

કોંગ્રેસ પાર્ટી RTI ને નબળો નહીં પડવા દેશે, અમે પહેલા પણ તેના માટે અવાજ ઉઠાવ્યો છે અને હવે પણ સંસદથી લઈને રસ્તા સુધી અવાજ ઉઠાવતા રહીશું. અમે જનતાના અધિકારોના રક્ષણ માટે લડતા રહીશું.




# ગુજરાત વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાતની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## સમગ્ર વર્ષ દરમિયાન રાજ્ય સરકાર વિવિધ કાર્યક્રમોના આયોજનથી નાગરિકોની મેદસ્વિતા ઓછી કરવા માટે અભિયાન ચલાવશે



ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તા.૪ માર્ચ - વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં નિયમ-૪૪ અંતર્ગત એક નિવેદન દ્વારા ‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત’ની નેમ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડું જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. આવા બેઠાડુ જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો આ બાબતની કાળજી રાખવામાં ન આવે તો આવા લોકો અનેક રોગોમાં સપડાય છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ સાધનાને તથા ફિટ ઈન્ડિયા માટે ખેલકૂદ અને પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે. તેઓ દેશવાસીઓને આ માટે અનેક મંચ પરથી પ્રેરણા પણ આપતા રહ્યા છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ તેમના લોકપ્રિય રેડિયો વાર્તાલાપ ‘મન કી બાત’ના તાજેતરના એપિસોડમાં આ મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી છે. એટલું જ નહિ, તેમણે સ્થૂળતા ઘટાડવા માટેની રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામુહિક કાર્યવાહી પર પણ પોતાના સંબોધનમાં ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના જનહિતકારી કાર્યક્રમો અને પ્રજાલક્ષી આહવાનોને ગુજરાતે હંમેશા ત્વરિત અને ઉત્સાહપ્રેરક પ્રતિસાદ આપ્યો છે. તેમણે વધતી જતી મેદસ્વિતા અંગે જે ચિંતા વ્યક્ત કરી છે તે વિષયને પણ ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં કરેલા નિવેદનમાં કહ્યું કે, રાજ્ય સરકાર સમગ્ર વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોના આયોજનથી નાગરિકોની મેદસ્વિતા કેવી રીતે ઓછી કરી શકાય એ માટે અભિયાન ચલાવશે. તેમણે કહ્યું કે, જો નાગરિકો પોતાના સ્વાસ્થ્ય વિશે ધ્યાન નહીં રાખે તો આરોગ્યના ગંભીર પ્રશ્નો સર્જાય તેવી શક્યતાઓ છે. ‘પહેલું સુખ તે જાતે નર્યા’ એ કહેવતને પ્રોત્સાહન આપીને રાજ્ય સરકાર નાગરિકોને એમના સ્વાસ્થ્યની જાગૃતિ માટે તથા મેદસ્વીતાના નિયંત્રણ માટે પ્રેરિત કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સર્વાંગી વિકાસના વડાપ્રધાનશ્રીના ધ્યેયને હાંસલ કરવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે સ્વસ્થ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવાની સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે વિધાનસભા ગૃહના સૌ ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓને મેદસ્વિતામુક્ત ગુજરાત અને સૌ નાગરિકોના જીવનને સ્વસ્થ-તંદુરસ્ત બનાવવાના જનસેવા અભિયાનમાં સક્રિય સહયોગ આપવા અનુરોધ પણ કર્યો હતો.

‘સ્થૂળતા એટલે શું તે સમજીએ’ અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના જણાવ્યા અનુસાર મેદસ્વિપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. કોઈપણ વ્યક્તિની સ્થૂળતા વર્ગીકૃત કરવા માટે ગ્પ્ એટલે કે, બોડી માસ ઈન્ડેક્સનો આધાર લેવામાં આવે છે.

૨૫ કે તેથી વધુના બી.એમ.આઈ.ને વધુ વજનવાળા અને ૩૦ કે તેથી વધુના બી.એમ.આઈ.ને મેદસ્વિતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.‘ આ બી.એમ.આઈ શોધવા માટે વ્યક્તિનું વજન (કિલોગ્રામ)ને તે વ્યક્તિની ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે વિભાજિત કરવાનું હોય છે. ‘ભારત અને ગુજરાતમાં મેદસ્વિતાપણુ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે NFH-5 (૨૦૧૯-૨૦૨૧) મુજબ ભારતમાં એકંદરે ૨૪ સ્ત્રીઓ અને ૨૩ પુરુષો વધુ વજન ધરાવતા અથવા મેદસ્વી છે.

ગુજરાતના આરોગ્ય વિભાગના આંકડાઓ અનુસાર રાજ્યમાં આ પ્રમાણ સ્ત્રીઓમાં ૨૨.૬ ટકા અને પુરુષોમાં ૧૯.૯ ટકાનું જોવા મળ્યું છે. ‘સ્થૂળતા માટે મુખ્યતઃ જવાબદાર પરિબળો’ ‘સ્થૂળતા એટલે કે મેદસ્વિતા માટે જંક ફૂડ, તળેલા ખોરાક, વધુ મીઠાશ અને ફાસ્ટ ફૂડનું વધતુ સેવન એવી અસંતુલિત આહાર આદતો, વ્યાયામ, કસરતનો અભાવ, થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી હોર્મોનલ સમસ્યાઓ, કુટુંબીજનોમાં સ્થૂળતા હોય તો તેની પેઢી દર પેઢી સુધી અસર તથા અનિયમિત અને અપૂરતી ઊંઘ તેમજ માનસિક તણાવ જેવા મુખ્યતઃ પરિબળો જવાબદાર છે.‘અસરો આના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાક, શ્વાસ લેવામાં તકલીફ, સાંધાના દુઃખાવા તેમજ ડિપ્રેશન જેવી બાબતોને કારણે આરોગ્ય સેવાઓ માટે વધુ પડતો ખર્ચ કરવો પડે છે. ‘મેદસ્વિતા નિયંત્રણ અને નિવારણ ઉપાયો સ્થૂળતાપ્રમેદસ્વિતાના નિયંત્રણ અને નિવારણ માટે તાજા શાકભાજી, ફળો, ફાઈબરયુક્ત અને ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ. ઉપરાંત નિયમિત કસરત, યોગ, ચાલવુ-દોડવું વગેરે ફાયદાકારક રહે છે.‘ એટલું જ નહિ, દરરોજ ઓછામાં ઓછી સાત-આઠ કલાક ઊંઘ લેવી પણ જરૂરી છે. તેમજ ધ્યાન, યોગ અને હળવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ટ્રેસ પણ ઘટાડવો જોઈએ.‘કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં‘ કેન્દ્ર અને રાજ્ય સરકાર મેદસ્વિતા સામે ઈટ રાઈટ મુવમેન્ટ અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ દ્વારા સંતુલિત આહાર તથા આરોગ્ય-દ જીવનશૈલી માટે વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિ અંગે પ્રચાર પ્રસાર કરે છે.‘ એન.સી.ડી. અંતર્ગત રાજ્યભરમાં ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં લોકો માટે સમુદાય આધારિત સ્ક્રીનીંગ અંતર્ગત કમરનો ઘેરાવો અને બોડી માસ ઈન્ડેક્ષની તપાસ કરવામાં આવે છે અને વધુ વજન તથા સ્થુળતા જણાય તેવા વ્યક્તિઓને જરૂરી સલાહ-સુચન અને સંદર્ભ સેવાઓ પુરી પાડવામાં આવે છે.‘ હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીશ જેવી સ્થૂળતાની જટિલતાઓ માટે ચકાસણી કરવામાં આવે છે અને નિદાન પામેલ દર્દીઓને નિંશુલ્ક સારવાર અને સંદર્ભ સેવાઓ પણ પુરી પાડવામાં આવે છે. મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં રાજ્યના દરેક વ્યક્તિ, પ્રત્યેક પરિવાર અને સંસ્થાઓ પોતાનું યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મોડેલ સ્ટેટ બનાવે તે જરૂરી છે.

# સુરતમાં લગ્નના ૬ મહિનામાં જ સાસરિયાએ બદલ્યો રંગ, દહેજની માગ કરી પતિએ આપી ધમકી



■ સુરત, તા. ૦૪

સુરતના ચોક બજાર વિસ્તારમાં રહેતી પરિણીતાને તેના સાસરિયા દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો. જેથી પરિણીતા તેના સંતાન સાથે પિયર આવી ગઈ હતી. જ્યાં પરિણીતાના પિયર આવીને પણ પતિ ધમકી આપતો હતો. સાથે ખોટી ફરિયાદો કરી હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે હાલ ચોક બજાર પોલીસ દ્વારા પરિણીતાની ફરિયાદ નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પીડિત પરિણીતાએ કહ્યું કે, ત્રણ વર્ષ અગાઉ અમારા લગ્ન થયા હતાં. મને એમ હતું કે સુધરી જશે અમે લવ મેરેજ કર્યા હતાં. જેઠ જેઠાણી અલગ થઈ ગયા હતાં. છ મહિના બાદ ેગનન્સી રહી હતી. ત્યારથી મને ધાક ધમકી અપાતી હતી. બાદમાં હું મારા પિયર છેલ્લા ૧૧ મહિનાથી રહું છું. મારા સંતાનને લઈ જવાની કોશિષ કરવામાં આવી રહી છે. મને ઘરે આવીને મારા પતિ દિવ્યેશ ભાણજી વાઢેર, ગીરીશ સોલંકી અને વિપુલ રાઠોડ સહિતના માર માર્યો હતો. મારી સામે ભાજપના ધારાસભ્યની લાગવગથી ખોટી ફરિયાદ કરીને પોલીસ સ્ટેશન પણ લઈ જવામાં આવી હતી. મને ખૂબ જ અસહ્ય ત્રાસ આપવામાં આવે છે. જેથી મારી ન્યાયની માગ છે. મારે બીજું કશું જ જોઈતું નથી.

પીડિતાની માતાએ કહ્યું કે, મારી દીકરીને ૩ વર્ષ કરતાં વધુ સમયથી લઈ ગયો છે. તેને ત્રાસ આપે છે. અમને સમાધાનના નામે પરિવારને ત્રાસ આપવામાં આવે છે. અમને રસ્તામાં મળે તો ધમકી આપે છે. ઉભા રાખીને અમારી સાડી પણ કાઢીને બાંધીને ઢસડવાનો ન્યત્ન કરે છે. પોલીસની ધાક ધમકી આપે છે. મને પણ એસિડ નાખીને મારી નાખવાની કોશિષ કરે છે. અમારું ઘર બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું છે. ન્યાય અમારે જોઈએ છે. જો ન્યાય ન મળે તો અમે સામૂહિત આપઘાત કરી લઈશુ.



# કેન્દ્રીય મંત્રીની પુત્રીની છેડતી મુદ્દે ભડક્યા કોંગ્રેસ નેતા

*અલકા લાંબાએ પત્રકાર પરિષદ યોજી કહ્યું કે, ‘મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેની પુત્રી અને તેની મિત્રની છેડતીનો મામલો સામે આવ્યો છે. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, આ કરતુત ભાજપના પૂર્વ કોર્પોરેટર પીયૂષ મોરેએ કરી છે.’ તેમણે દાવો કર્યો છે કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી સહિત અનેક મોટા નેતાઓ સાથે મોરેની તસવીરો છે.ભારતીય મહિલા કોંગ્રેસના અધ્યક્ષાએ કહ્યું કે, ‘જો કેન્દ્રીય મંત્રીને ન્યાય ન મળે તો તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ અને તેમણે પોતાની પુત્રી સહિત આવી સ્થિતિનો સામનો કરનારી અનેક દિકરી માટે લડવું જોઈએ. ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવશે, પરંતુ દિકરી સાથે જે ગુનાઓ થઈ રહ્યા છે, તેનું શું ? પુણેમાં ૧૯ વર્ષિય યુવતી પર સામૂહિક દુષ્કર્મ થયું, તેનો વીડિયો પણ બનાવવામાં આવ્યો, પરંતુ આ કેસમાં કોઈ કાયર્વાહી ન થઈ.’*

### માર્ચની શરૂઆતથી, દિલ્હી-એનસીઆરનું હવામાન સંપૂર્ણપણે અલગ દેખાઈ રહ્યું છે

# લઘુત્તમ તાપમાનમાં ઘટાડો, યુપી-બિહારમાં તાપમાન વધવા લાગ્યું

*(સંપૂર્ણ સમાચાર સેવા)*

*નવીદિલ્હી,તા.૪*

*દેશભરમાં હવામાન બદલાઈ રહ્યું છે. દિલ્હીમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું નોંધાયું હતું, જ્યારે ઉત્તર પ્રદેશમાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. હળવા વરસાદ અને ઠંડા પવનો પછી, બિહારમાં ઉનાળાના સંકેત છે. રાજસ્થાનમાં વરસાદ અને કરા પડ્યા બાદ હવામાન સ્વચ્છ થઈ ગયું છે. કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષા થઈ છે, જ્યારે ઉત્તરાખંડમાં પણ વરસાદની શક્યતા છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધઘટ ચાલુ રહેશે.*

*દિલ્હીમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો:સોમવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રી ઓછું છે. IMD અનુસાર, મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રીની આસપાસ રહી શકે છે. ૪ અને ૫ માર્ચે ભારે પવન ફૂંકાશે, જેના કારણે તાપમાનમાં થોડો ઘટાડો થઈ શકે છે. આ પછી તાપમાન ફરી વધવાની ધારણા છે. દિલ્હીનો છઊૈં ૧૨૪ હતો, જે ‘મધ્યમ’ શ્રેણીમાં આવે છે.*

*ગુજરાતમાં ગરમીને બદલે પવન હશે ?:ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીમાંથી રાહત મળી શકે છે. હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન ગરમીથી આંશિક રાહત મળશે. ઉત્તર ભારતમાં હાલમાં ચાલી રહેલી હિમવર્ષા અને બરફવર્ષાને કારણે તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે, જેની અસર ગુજરાતમાં પણ દેખાશે. રાજ્યમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે.*

*યુપીમાં ગરમીએ દસ્તક આપી :ઉત્તર પ્રદેશમાં ઉનાળો દસ્તક આપી ચૂક્યો છે. લોકોએ દિવસે ઊનના કપડાં પહેરવાનું બંધ કરી દીધું છે, પણ રાત્રે ઠંડી રહે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક અઠવાડિયા સુધી વરસાદની કોઈ શક્યતા નથી. જોકે,૫ અને ૬ માર્ચે ૨૦ થી ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ૩ અને ૪ માર્ચે હવામાન સ્વચ્છ રહેશે. ૫ માર્ચે પણ હવામાન શુષ્ક રહેશે. લખનૌ હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, દિવસ દરમિયાન તેજસ્વી સૂર્યપ્રકાશ અને રાત્રે તાપમાનમાં ઘટાડો થવાનું વલણ આ અઠવાડિયાના ગુરુવાર સુધી ચાલુ રહેશે.*

*બિહારમાં બદલાયેલ હવામાનઃ બિહારમાં ઠંડી લગભગ ગાયબ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા હળવો વરસાદ અને ઠંડા પવનોને કારણે ઠંડીનો અહેસાસ થયો છે. હવામાન વિભાગે માર્ચ મહિનામાં તીવ્ર ગરમી પડવાની આગાહી કરી છે. દક્ષિણ-પશ્ચિમ બિહારના કેટલાક જિલ્લાઓમાં બક્સર, અરવલ, ઔરંગાબાદ અને રોહતાસ સહિત ગરમીનું મોજું ફરી શકે છે. માચર્માં મહત્તમ તાપમાન ૩૦ થી ૩૩ ડિગ્રી સેલ્સિયસ સુધી રહી શકે છે.‘સ્ટ્ઠ પટના અનુસાર, ૫ માર્ચ સુધી મહત્તમ તાપમાન ૩૦ થી ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૬ ડિગ્રીની વચ્ચે રહેશે. ૬ અને ૭ માર્ચે તાપમાનમાં થોડો ઘટાડો થઈ શકે છે. મહત્તમ તાપમાન ૨૮ થી ૩૦ ડિગ્રી વચ્ચે રહી શકે છે.*

*રાજસ્થાનમાં વરસાદની શક્યતાઃરાજસ્થાનમાં હવામાનની પેટર્ન બદલાઈ રહી છે. ક્યારેક તડકો હોય છે તો ક્યારેક વાદળછાયું હોય છે. શિયાળા પછી વરસાદ અને કરા પડ્યા છે. છેલ્લા ચાર દિવસથી આવું જ વાતાવરણ રહ્યું છે. ૨૮ ફેબ્રુઆરી અને ૧ માચર્ના રોજ ઘણા જિલ્લાઓમાં વરસાદ અને કરા પડ્યા હતા. ૨ માચર્ના રોજ દિવસ દરમિયાન હવામાન સ્વચ્છ રહ્યું. હવે ફરી વરસાદની શક્યતા છે.કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષાને કારણે તાપમાનમાં ઘટાડો સોમવારે કાશ્મીરના મોટાભાગના ભાગોમાં વરસાદ પડ્યો હતો,*

### ઔરંગઝેબના વખાણ કરવા ભારે પડ્યા

# સપા નેતા અબૂ આઝમી પર પોલીસમાં ફરિયાદ નોંધાઈ

*મુંબઈ,તા.૪*

*મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અબૂ આઝમીને ઔરંગઝેબના વખાણ કરવા ભારે પડશે. શિવસેનાએ અબૂ આઝમી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અહીં ઉલ્લેખનિય છે કે, આ અગાઉ શિવસેના પ્રમુખ અને રાજ્યના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પણ અબૂ આઝમી પર દેશદ્રોહનો કેસ નોંધવાની માગ કરી હતી. આવો જાણીએ અબૂ આઝમીએ શું કહ્યું હતું અને પોલીસે તેમના પર કઈ કલમો અંતર્ગત કેસ નોંધ્યો છે.*

*ઔરંગઝેબના વખાણ કરવાને કારણે મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમીની મુશ્કેલીઓ વધી ગઈ છે. શિવસેના (શિંદે) એ મુંબઈના મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં અબુ આઝમી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. શિવસેનાના પ્રવક્તા અને ભૂતપૂર્વ ધારાસભ્ય કિરણ પાવસ્કર કાર્યકરો સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ફરિયાદ નોંધાવી હતી. અબુ આઝમી સામે રાજદ્રોહનો કેસ નોંધવાની માંગ કરવામાં આવી છે.*

*આ ઉપરાંત, શિવસેના સાંસદ નરેશ મ્હસ્કેની ફરિયાદના આધારે થાણેના વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં અબુ આઝમી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે સપા ધારાસભ્ય અબુ આઝમીની મુશ્કેલીઓ વધવાની છે. પોલીસે આઝમી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૯૯, ૩૦૨ અને ૩૫૬ હેઠળ કેસ નોંધ્યો છે.*

*અહીં ઉલ્લેખનિય છે કે અબુ આઝમી મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ છે. સોમવારે તેમણે કહ્યું, “ખોટો ઈતિહાસ બતાવવામાં આવી રહ્યો છે. ઔરંગઝેબે ઘણા મંદિરો બનાવ્યા છે. ઔરંગઝેબ ક્રૂર શાસક નહોતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે તેમના સેનાપતિએ બનારસમાં એક પંડિતની પુત્રી સાથે દુર્વ્યવહાર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઔરંગઝેબે તેને બે હાથીઓ વચ્ચે બાંધી દીધો અને તેને મારી નાખ્યો હતો.*

*બાદમાં, તે પંડિતોએ ઔરંગઝેબ માટે એક મસ્જિદ બનાવી અને તેમને ભેટ આપી. તે એક સારા વહીવટકર્તા હતા, તેમણે જે કંઈ કર્યું તે સાચું હતું.*

*જો તે કોઈ અન્ય રાજા હોત, તો તેમણે પણ એવું જ કર્યું હોત.” અબુ આઝમીએ એમ પણ કહ્યું હતું કે- “ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન, ભારતનો ય્ઙ્ઢઁ ૨૪% હતો અને દેશ “સોને કી ચિડીયા” હતો. ઔરંગઝેબ તેમના માટે ખોટા નહોતો. તેમણે ઘણા મંદિરો પણ બનાવ્યા. ઈતિહાસમાં ઘણી ખોટી વાતો કહેવામાં આવી છે.”*

### મહારાષ્ટ્રના પુણની ઘટના

# ૧૯ વર્ષની યુવતીને છરીની અણીએ તેના પિતરાઈ ભાઈ સાથે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરાયું

*પુણે,તા.૪*

*મહારાષ્ટ્રના પુણેમાં થોડા દિવસો પહેલા સરકારી બસમાં મહિલા પર થયેલા બળાત્કારની ઘટનાની શાહી સુકાઈ નથી, જે કેસમાં પોલીસે આરોપીઓને પકડવા માટે તમામ પ્રયાસો કર્યા હતા. ત્યારે પુણેમાંથી જ ફરી બળાત્કારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનાની આગ હજુ ઠંડી પણ નહોતી પડી. ત્યાં બે લોકોએ ૧૯ વર્ષની છોકરી પર તેના પિતરાઈ ભાઈની સામે છરીની અણીએ બળાત્કાર કર્યો છે. એટલું જ નહીં, આ બંને ગુનેગારોએ યુવતી અને તેના પિતરાઈ ભાઈને શારીરિક સંબંધ બાંધવા દબાણ પણ કર્યું હતું. આ દરમિયાન તેમણે આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો. પોલીસે FIR નોંધી બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ ઘટના પુણેના રંજનગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારના શિરુર તાલુકામાં બની હતી. કેસની તપાસ કરી રહેલા રંજનગાંવ એસપી મહાદેવ વાઘમોડેએ જણાવ્યું કે શનિવારે રાત્રે યુવતી તેના પિતરાઈ ભાઈ સાથે તેના ઘરની નજીક એકાંત જગ્યાએ બેઠી હતી. ત્યારે ત્યાં બાઈક પર બે યુવકો આવ્યા, જેમની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની વચ્ચે હતી. બંનેએ ભાઈ-બહેનની સામે બાઈક રોકી હતી અને છરી દેખાડી ધમકી આપવાનું શરૂ કર્યું હતું. આરોપીઓએ બંનેને શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. આ ઘૃણાસ્પદ ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો.ત્યારબાદ આરોપીઓએ તેમના પિતરાઈ ભાઈની સામે છરી બતાવી યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. આ સાથે આરોપીએ યુવતીની નાકની નથ અને સોનાનું પેન્ડન્ટ લૂંટીને ભાગી ગયા હતા. આ પછી યુવતીએ ૧૧૨ ડાયલ કરીને પીસીઆરને કોલ કરીને ઘટનાની જાણકારી આપી હતી. માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે યુવતીની ફરિયાદ પર એફઆઈઆર નોંધી છે. આ પછી પોલીસે કોઈ સમય બગાડ્યા વિના આરોપીની ધરપકડ કરી લીધી.*

### હત્યાકાંડના આરોપીઓ સાથે જોડાયેલું છે નામ

# કેબિનેટ મંત્રી ધનંજય મુંડેએ રાજીનામું આપ્યું

*મુંબઈ,તા.૪*

*મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી ધનંજય મુંડેએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. ધનંજય મુંડેનું રાજીનામું લઈને તેમના પીએ પ્રશાંત જોશી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના આવાસ પર પહોંચ્યા હતા. દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે, ધનંજય મુંડેએ મને રાજીનામું આપી દીધું છે. મેં રાજીનામાનો સ્વીકાર કર્યો છે. આગાળની કાયર્વાહી માટે રાજ્યપાલ પાસે રાજીનામું મોકલી દીધું છે.*

*ધનંજય મુંડેના નજીકના સહયોગી વાલ્મિકી કરાડને સરપંચ સંતોષ દેશમુખની હત્યાના મામલામાં આરોપી બનાવવાની પૃષ્ઠભૂમિમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુંડેને મંત્રી પદેથી રાજીનામું આપવા માટે કહ્યું હતું.નાયબમુખ્યમંત્રી અજિત પવારે સોમવાર રાતે ફડણવીસ સાથે મુલાકાત કરી અને દેશમુખ હત્યા મામલામાં સીઆઈડી તરફથી દાખલ આરોપપત્ર તથા બે અન્ય સંબંધિત કેસના પરિણામ પર ચર્ચા કરી, જેમાં કરાડને આરોપી નંબર એક બનાવ્યા છે, એક સૂત્રે જણાવ્યું હતું કે, ફડણવીસે ધનંજય મુંડેને આજે મંત્રી પદેથી રાજીનામું આપવા કહ્યું હતું.રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી રહી ચુકેલા ધનંજય મુંડે બીડ જિલ્લાના પરલીથી NCP ધારાસભ્ય છે. અગાઉ તેઓ બીડના સંરક્ષક મંત્રી હતા. હાલમાં, NCP વડા અજિત પવાર પુણે તેમજ બીડ જિલ્લાના સંરક્ષક મંત્રી છે.*

### મહારાષ્ટ્ર સરકારમાં હલચલ

# અમેરિકામાં મૂળ ભારતીય નર્સ પર જીવલેણ હુમલો, ચહેરા પર ફ્રેક્ચર

*અમેરિકા,તા.૪*

*અમેરિકાની એક હોસ્પિટલમાં ભારતીય મૂળની ૬૭ વર્ષીય લીલામ્મા લાલ નામની નર્સ પર નફરતના ગુનામાં હુમલો કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, ૩૩ વર્ષીય આરોપી સ્ટીફન સ્કેન્ટલબરીએ નર્સ લીલામ્મા લાલ પર હુમલો કર્યો અને તેના ભારતીય હોવા બાબતે ટિપ્પણી પણ કરી હતી. હુમલાને કારણે નર્સને ચહેરા પર ગંભીર ઈજાઓ થઈ હતી.*

*આ ઘટનાથી આરોગ્ય સંભાળ કમર્ચારીઓમાં રોષ ફેલાયો છે. તેમણે દર્દીઓ તરફથી વારંવાર થતા દુર્વ્યવહાર અને અનાદર પ્રત્યે નિરાશા વ્યક્ત કરી હતી. ઘણા લોકોએ એ વાતનો વિરોધ કર્યો હતો કે દર્દીઓ ઘણીવાર અસંસ્કારી વર્તન કરે છે અને આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો સાથે દુર્વ્યવહાર કરે છે.*

*હુમલાના કલાકો પછી, આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને તે શર્ટલેસ અને જૂતા વગરનો મળી આવ્યો હતો. સ્કેન્ટલબરી પર બીજા ડિગ્રી હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો છે, તેમજ નફરતના ગુનામાં વધારો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોગ્યસંભાળ કાર્યકરોનું પ્રતિનિધિત્વ કરતા, એડવોકેટ ચેરીલ થોમસ-હાર્કમે રિપોટર્માં જણાવ્યું હતું કે, ’તબીબી વ્યાવસાયિકો સામે હિંસા ખૂબ સામાન્ય છે.*

### માર્ક ઝકરબર્ગની હૂડી ૧૪ લાખ રૂપિયામાં વેચાઈ

# કુંભ મેળા વિશે લખેલો સ્ટીવ જોબ્સનો લેટર ૪.૩૨ કરોડ રૂપિયામાં વેચાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૪

માર્ક ઝકરબર્ગની હૂડી અને સ્ટીવ જોબ્સની બો ટાઈને અધધ કહેવાતી કિંમતે વેચવામાં આવી છે. જોકે સ્ટીવ જોબ્સ દ્વારા કુંભ મેળા વિશે લખવામાં આવેલો લેટર પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ફેસબુકના કો-ફાઉન્ડર માર્ક ઝકરબર્ગ દ્વારા ૨૦૧૦માં ઘણી વાર જે બ્લેક હૂડી પહેરવામાં આવી હતી, એ અત્યારે અંદાજે ૧૫૮૭૫ અમેરિકન ડૉલર એટલે કે ૧૪ લાખ રૂપિયાની આસપાસ વેચવામાં આવી છે. લોસ એન્જલસમાં અત્યારે જ એક હરાજી રાખવામાં આવી હતી, જેમાં જાણીતી સેલિબ્રિટીઝના કપડાંની હરાજી કરવામાં આવી હતી.

ટાઈમ મેગેઝિન દ્વારા માર્ક ઝકરબર્ગને પર્સન ઑફ ધ યરનું બિરુદ આપવામાં આવ્યું હતું, ત્યારે તેણે જે હૂડી પહેરી હતી, એની અંદાજિત એક હજાર અમેરિકન ડૉલર એટલે કે ૮૭૦૦૦ રૂપિયાની આશા રાખવામાં આવી રહી હતી. જોકે હરાજી જેવી શરુ થઈ કે લોકો એ આ માટે એક પછી એક બોલી લગાવવાની શરુ કરી હતી. આ કિંમત અંતે ૧૫૮૭૫ અમેરિકન ડૉલર એટલે કે ૧૪ લાખ રૂપિયા પર જઈને અટકી હતી.આ હરાજીમાં જેણે આ હૂડી ખરીદી છે, તેના માટે માર્ક ઝકરબર્ગ દ્વારા એક નોટ લખીને મોકલવામાં આવી હતી. આ હૂડી ખરીદનારને એની આશા નહોતી, પરંતુ માર્ક દ્વારા તેના માટે આ સ્પેશ્યલ નોટ મોકલવામાં આવી છે. આ નોટમાં લખ્યું છે કે ‘આ મારી ઓલ્ડ-સ્કૂલ ફેસબુક હૂડી છે. શરુઆતના દિવસોમાં હું આ હૂડી ઘણી વાર પહેરતો હતો. અમારું ઓરિજિનલ મિશન જે હતું,

એનો સ્ટેટમેન્ટ લોગો આ હૂડીની અંદરની લાઈનિંગ પર લખવામાં આવેલો છે. એન્જોય. - માર્ક ઝકરબર્ગ’એપલના કો-ફાઉન્ડર સ્ટીવ જોબ્સ દ્વારા તેમની સિગ્નેચર બો ટાઈ પણ આ હરાજીમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. આ બો ટાઈની કિંમત પણ એક હજાર ડૉલર અંદાજવામાં આવી રહી હતી. જોકે સ્ટીવ જોબ્સની ગ્રીન વિલ્કસ બેશફોર્ડ બ્રેન્ડની બો ટાઈ, જેમાં પિન્ક સ્ટ્રાઈપ છે, એ હરાજીમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. સ્ટીવ જોબ્સ દ્વારા આ ટાઈ ૧૯૮૪માં મેકિન્ટોશ કોમ્પ્યુટરના લોન્ચ દરમ્યાન અને ૧૯૮૩માં એસ્પેનમાં યોજાયેલી કોન્ફરન્સમાં પહેરવામાં આવી હતી. આ સાથે જ ૧૯૮૪ની શેરહોલ્ડર મીટિંગ્સમાં પણ તેમણે એ બો ટાઈ પહેરી હતી. આ બો ટાઈની હરાજી શરુ થતાં જ જોતજોતમાં એની કિંમત ખૂબ જ ઊંચાઈએ પહોંચી ગઈ હતી. ૩૫૭૫૦ અમેરિકન ડૉલરમાં એટલે કે ૩૧ કરોડ રૂપિયામાં આ બો ટાઈ ખરીદવામાં આવી છે.

### ફોરેન્સિક એક્સપર્ટ કરશે ઘટનાસ્થળની તપાસ

# રાજધાની દિલ્હીમાં બે જુથ વચ્ચે અંધાધુધ ફાયરિંગ; ૫ લોકો ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૪

સોમવારે રાત્રે ઉત્તર-પૂર્વ દિલ્હીના જ્યોતિ નગર વિસ્તારમાં બે જૂથો વચ્ચે થયેલી ગોળીબારની ઘટનામાં પાંચ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ બનાવ અંગે પોલીસે કે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ૩ માર્ચે રાત્રે ૯ વાગ્યે, જ્યોતિ નગર પોલીસ સ્ટેશનમાં ગોળીબારની ઘટના અંગે જાણ કરવામાં આવી હતી.

જાણ કરનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે તેના પુત્રને અજાણ્યા લોકોએ ગોળી મારી દીધી છે. જ્યારે પોલીસ ટીમ પહોંચી ત્યારે ૨ જૂથો વચ્ચે ગોળીબાર થઈ હતી જેમાં ૫ લોકો ઘાયલ થયા હતા.પોલીસે જણાવ્યું હતું કે ઘટનાસ્થળની તપાસ માટે ક્રાઈમ ટીમ અને ફોરેન્સિક એક્સપર્ટને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે આ અંગે જ્યોતિ નગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે. અધિકારીએ જણાવ્યું હતું કે ફાયરિંગમાં સંડોવાયેલા શંકાસ્પદોને ઓળખવા અને ધરપકડ કરવા માટે ટેકનિકલ અને મેન્યુઅલ ઈનપુટ્સનું વિશ્લેષણ કરવા માટે ટીમોની રચના કરવામાં આવી છે.અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ગોળીબાર પાછળનો હેતુ હજુ સુધી જાણી શકાયો નથી અને પોલીસ હાલ જૂની અદાવતનાં કારણની તપાસ કરી રહી છે. સ્થાનિક લોકોની પૂછપરછ અને વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. જો કે આ દરમિયાન પરિસ્થિતિ વધુ તંગ ન બને તે માટે આસપાસના વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે.

### એચઆર મેનેજરના પાવરમાં ઘટાડો થશે

# હવે કર્મચારીઓના પગાર AI ટેક્નોલોજીની મદદથી નક્કી કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૪

ભારતમાં સેલેરી અને કર્મચારીઓના સેલેરી સ્ટ્રક્ચરમાં બદલાવ આવવાનો છે. હવેથી સેલેરી નક્કી કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ શરૂ થવાનો છે. મોટી કંપનીઓ આવનાર ૩-૪ વર્ષમાં એઆઈ બેસ્ટ પ્રિડિક્ટર મોડલ અપનાવીને સેલેરી પેકેજ નક્કી કરશે. જાણીતી કંપનીના રિપોર્ટ અનુસાર, ૧૦માંથી ૬ કંપનીઓ કર્મચારીઓની સેલેરી અને ઈન્સેન્ટિવ વિશે નિર્ણય લેવા માટે એઆઈનો ઉપયોગ કરવા ઈચ્છુક છે. પગાર નક્કી કરવાની સાથે જ રિયલ-ટાઈમ પે ઈક્વિટી એનાલિસિસ અને કસ્ટમાઈઝ્ડ બેનિફિટ્સ માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ આવનારા સમયમાં કંપનીઓ ફિક્સ્ડ સેલેરી સ્ટ્રક્ચરથી હટીને એઆઈ આધારિત પૂર્વાનુમાન અને રિયલ ટાઈમ સેલેરી રિવિઝનની તરફ આગળ વધશે. ઘણી વખત આરોપ લાગતા હોય છે કે, એચઆર મેનેજરો દ્વારા વ્હાલાદવલાની નીતિના આધારે અમુક કર્મચારીઓને પગારમાં વધારો મળે છે. જ્યારે, ઘણા મહેનતી કર્મચારીઓ રહી જાય છે. એઆઈ પગાર નક્કી કરવાની રીતને વધુ પારદર્શક બનાવે છે. બ્લોકચેન અને સ્માર્ટ કોન્ટ્રેક્ટ પગાર ચુકવણીને સુરક્ષિત અને ઓટોમેટેડ બનાવી રહ્યાં છે. એઆઈ ટેકનોલોજીએ સેલેરી નક્કી કરવાની પ્રણાલીની બહાર નવી શક્યતાઓ ખોલી છે. પગાર અને બોનસ નક્કી કરવા માટે ૨૦૨૮ સુધીમાં એઆઈની ભૂમિકા જોવા મળશે. ભારતમાં ૨૦૨૫માં સરેરાશ પગાર વધારો ૯.૪ ટકા રહેવાની સંભાવના છે. જેમાં, ઈ-કોમર્સમાં ૧૦.૫ ટકા, ફાઈનેંશિયલ સર્વિસિઝમાં ૧૦.૩ ટકા, ગ્લોબલ કેપેસિટી સેન્ટર્સમાં ૧૦.૨ ટકા, આઈટીમાં ૯.૬ ટકા અને આઈટી-ઈનેબલ્ડ સર્વિસિઝમાં ૯ ટકાનો પગાર વધારો થશે. આ સિવાય રિપોર્ટમાં સામે આવ્યું છે કે, ૨૦૨૩માં ૧૮.૩ ટકાની સરખામણીમાં ૨૦૨૪મા ૧૭.૫ ટકા કર્મચારીઓ કંપની છોડી છે. જે દર્શાવે છે કે, આર્થિક સ્થિરતા જાળવવા અને ટેલેન્ટને બચાવવા માટે કંપનીઓ પ્રતિબદ્ધ બની છે.

### રહેણાકમાં કોમર્શિયલ

# બાંધકામના વિવાદમાં તાલાલા નગરપાલિકાને હાઈકોર્ટની ફટકાર

અમદાવાદ , તા.૪

હાઈકોર્ટ સમક્ષ થયેલી એક રિટ પિટિશનમાં રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામના વિવાદમાં તાલાલા નગરપાલીકાનો હાઈકોર્ટે ઉધડો લીધો હતો અને એક તબક્કે ન.પા.ના ચીફ ઓફિસરને કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન કર્યો હતો. આ કેસ અંગે જાણવા મળતી વિગતો મુજબ તાલાલા નગરપાલીકાની હદમાં આવેલા રેસીડેન્સી વિસ્તારમાં ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ બાબત ગીર સોમનાથ જિલ્લાથી ગાંધીનગર સુધી અનેક મૌખિક રજુઆતો પર્યાવરણ બચાવ સુરક્ષા સમિતિના તાલાલા તાલુકાના પ્રમુખ અને એક પત્રકાર ઈરફાન ભાંગાણી દ્વારા કરવામાં આવેલ હતી. પંરતુ સ્થાનિક તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન થતાં છેલ્લે નામદાર ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જેમાં એડવોકેટ પ્રશાંતભાઈ ચાવડાએ અરજદારો તરફથી હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. એડવોકેટ પ્રશાંત ચાવડાએ કોર્ટને જણાવ્યું હતું કે, ‘રહેણાંક વિસ્તાર હોવા છતાંય વિવાદીત સ્થળે કોમર્શિયલ બાંધકામ બનાવી કાઢવામાં આવ્યું હતું.’ હાઈકોર્ટે રિટમાં એવો સવાલ કર્યો હતો કે નગરપાલિકા તરફથી કોણ ઉપસ્થિત થયા છે, આ મામલે તમારે કાર્યવાહી કરવી જ પડે. આ બાબતના જવાબદાર અધિકારી કોણ છે? ચીફ ઓફિસર એ વ્યક્તિ છે કે તેની વૈધાનિક જવાબદારી બને છે. તે કોઈ પણ સહી કે કોઈ નામ લખ્યા વિના નોટિસ પાઠવે એ વ્યક્તિ કેવી રીતે ચીફ ઓફિસર હોઈ શકે? કોર્ટ આ મામલો મેરિટ ઉપર ચલાવશે. જો ચીફ ઓફિસર આ રીતે પોતાની સત્તાનો ઉપયોગ કરતાં હોય તો શું એ યોગ્ય છે?’ત્યારબાદ કોર્ટે આદેશમાં નોંધ્યું હતુ કે, ‘અરજદાર તાલાલા નગરપાલિકાના રહેવાસી છે અને ગેરકાયદેસર બાંધકામ મુદ્દે તેમણે સંબંધિત ઓથોરિટી સમક્ષ જાણ કરી વાંધા ઉઠાવ્યા હતા. પરંતુ આ ગેરકાયદેસર બાંધકામ ફાયર સેફ્ટી કે પાર્કિંગની વ્યવસ્થા વિના મંજૂર કરી દેવાયું હતું. હાલમાં જ ચીફ ઓફિસર દ્વારા એક નોટિસ પાઠવવામાં આવી હતી અને વિવાદીત પ્રોપર્ટીને ડેવલપમેન્ટ પરમિશન વિનાની હોવાનું કહેવામાં આવ્યું હતું. આરટીઆઈમાં અરજદારે માહિતી મેળવી હતી અને એમાં આ નોટિસમાં કોઈના નામનો ઉલ્લેખ જ કરવામાં આવ્યો નહોતો. આ મામલે ઓથોરિટી દ્વારા સોગંદનામું કરીને સ્પષ્ટતા કરવામાં આવે.’

### તોરખામ ક્રોસિંગ પર અંધાધૂંધ ફાયરિંગ

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બોર્ડર પર અથડામણ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૪

એક મુખ્ય સરહદ ક્રોસિંગ પોઈન્ટ પર પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચે ગોળીબાર થયો. બે પડોશી દેશો વચ્ચેના વિવાદને કારણે આ સ્થળ એક અઠવાડિયાથી વધુ સમયથી બંધ છે.

ગોળીબારમાં તોરખામ ક્રોસિંગની બંને બાજુ કોઈ જાનહાનિના અહેવાલ નથી. રવિવારે બંને દેશોના અધિકારીઓએ સરહદ ખોલવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે બેઠક યોજી હતી પરંતુ આ મુદ્દાનો કોઈ ઉકેલ આવ્યો ન હતો.

અફઘાનિસ્તાન દ્વારા ત્યાં નવા બોર્ડર ક્રોસિંગના નિર્માણ સામે પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હોવાથી આ ક્રોસિંગ ૧૧ દિવસથી બંધ છે. ગોળીબારને કારણે બંને દેશોએ અગાઉ તોરખામ અને દક્ષિણપશ્ચિમ ચમન સરહદ ક્રોસિંગ બંધ કરી દીધા હતા. આ ક્રોસિંગ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વેપાર અને મુસાફરી માટે મહત્વપૂર્ણ છે.એક પાકિસ્તાની અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તાલિબાન સુરક્ષા દળોએ સોમવારે વહેલી સવારે કોઈપણ ઉશ્કેરણી વિના પાકિસ્તાની સરહદ ચોકીને નિશાન બનાવીને ઓટોમેટિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. અધિકારીએ જણાવ્યું કે પાકિસ્તાની જવાનોએ પણ વળતો જવાબ આપ્યો. કાબુલમાં તાલિબાન સરકાર તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

### સંબંધ ના રાખવા સમજાવા જતા મોત મળ્યું : બનાવ બાદ પરિણિતા ગૂમ

# સાયલાના મોટા ભડલા ગામે કૌટુંબિક કાકીના પ્રેમીએ દિયરની હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરેન્દ્રનગર, તા.૪

સાયલા તાલુકાના છેવાડાના સુખભાદર નદીને કાંઠે આવેલા મોટા ભડલા ગામે પરિણીતાના પ્રેમીએ એક યુવકની હત્યા કરી નાખતા ચકચાર મચી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા ભડલા ગામમાં રહેતા સતા ઉર્ફે સતિષ ભોટાભાઈ ખરગીયાને તેનાં જ કુંટુંબના બોઘાભાઈની પત્ની લખીબેન સાથે છેલ્લા ચારેક વર્ષ અગાઉ આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. બન્ને અવારનવાર એકબીજાને મળતા હતા. મંગળવારની રાતે એકાદ વાગ્યાના અરસામાં સતો ઉર્ફે સતિષ લખીબેનને મળવા તેના ઘરે ગયો તે સમયે ઘરના લોકો જાગી જતા દેકારો બોલી ગયો હતો. રાતના સમયે થયેલ દેકારા બાદ સતો ઉર્ફે સતિષ ત્યાંથી નાસી છૂટી પોતાના ઘરમાં ઘૂસી ગયો હતો. એ પછી બોઘાભાઈ, તેમના ભાઈ ભુરાભાઈ સહિત ત્રણથી ચાર લોકો સતાને આ અનૈતિક સંબંધ બાબતે સમજાવવા તેના ઘરે ગયા હતા અને સમજાવતા હતા. આ સમયે સતો ઉશ્કેરાઈ ગયો અને કહ્યું હતું કે, તમે બધા અહીંથી જતા રહો નહીંતર હું તમને બધાને મારી નાખીશ. એમ કહી તેની પાસે રહેલ ફરસીનો ઘા ત્યાં ઊભેલા ભુરાભાઈના માથા પર કરતા રાડારાડી બોલી ગઈ હતી. આરોપી સતાનો ફરસીનો ઘા મરણતોલ સાબિત થતા સારવાર મળે તે પહેલા જ ભુરાભાઈનું કરુણ મૃત્યુ થયું હતું. જેના પગલે મોટા ભડલા ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આરોપી સતા ઉર્ફે સતિષને પણ બોલાચાલી બાદ ઘટનામાં ઈજાઓ થવા પામી હતી. તેથી તેને પોલીસ બંદોબસ્ત સાથે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.સંબંધમાં કાકી થતી એક પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધના કરુણ અંજામમાં મહિલાનાં દિયર એવા યુવાને જીવ ગુમાવ્યો છે. આ મામલે મૃતકના ભાઈ ગેલાભાઈ વશરામભાઈ ખરગીયા દ્વારા આરોપી સતા ઉર્ફે સતિષ ભોટાભાઈ ખરગીયા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ ધજાળા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. હત્યાના બનાવની જાણ થતા લીંબડી ડીવાયએસપી વિશાલ રબારી, ધજાલા પોલીસ સહિતનો કાફલો ત્યાં દોડી ગયો હતો અને હત્યારા સતા ખરગીયાના ઘર પાસે તથા મૃતકના ઘર નજીક ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.


## ગ્રામ પંચાયત હજીરા, તા. ચોર્યાસી, જી. સુરત

### જાહેર નિવિદા

મોજે, હજીરા, તા. ચોર્યાસીના ગામમે સને ૨૦૨૫-૨૬ના સમયગાળા દરમ્યાન કરવાના થતા વિકાસના કામો જેવા કે,

૧. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં પ્રેવર બ્લોક બેસાડવાનું કામ.
૨. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં આર.સી.સી. રોડ બનાવવાનું કામ.
૩. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન નવી નાંખવાની કામ.
૪. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં આર.સી.સી. ગટર લાઈન તથા પાઈપવાળી ગટર લાઈન નાંખવાનું કામ.
૫. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનનું કામ.
૬. હજીરા ગામમાં ગામ સફાઈનું કામ. (ગામના તમામ ફળીયાઓ તથા શેરીઓ, રસ્તાઓ સહીત)
૭. હજીરા ગામે સોલિડ વેસ્ટ મેનેજેંટ પ્લાન્ટ માટે મેન પાવર સપ્લાયનું કામ.
૮. હજીરા ગામે પંચાયત વિસ્તારમાં ગટર લાઈન સફાઈનું કામ.
૯. હજીરા ગામે પંચાયત વિસ્તારમાં ઈલેકટ્રીક લાઈનના નવા કામો તથા ઈલેકટ્રીક રીપેરીંગના કામો.
૧૦. હજીરા ગામે પંચાયત વિસ્તારમાં પાણીની લાઈન, બ્લોક, ગટરલાઈન રીપેરીંગના કામો.

આ કામના જાણકાર અને સાધન સામગ્રી ધરાવતા કોન્ક્ટ્રાકટરોએ આ કામોની જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયાથી દિન-૭માં ટેન્ડર ભરી રજીસ્ટર પોસ્ટથી ગ્રામ પંચાયત હજીરાને મોકલવાનું રહેશે. કવર ઉપર જે તે કામનું નામ લખવાનું રહેશે. કોરા ટેન્ડર ફોર્મ ગ્રામ પંચાયત કચેરીમાંથી કામકાજના સમય દરમ્યાન ટેન્ડર ફી જમા કર્યેથી મળશે.
ટેન્ડર ખોલવાની તારીખે આવેલ ભાવપત્રક મંજુર/ નામંજુર રાખવાની સત્તા સરપંચશ્રીની રહેશે.

સ્થળ : ગ્રામ પંચાયત હજીરા — તલાટી કમ મંત્રી — સરપંચશ્રી
તારીખ : ૦૧/૦૩/૨૦૨૫ — ગ્રા.પં. કચેરી, હજીરા — ગ્રા.પં.કચેરી હજીરા

ક્રમાંક:માહિતી-સુરત-૧૪૦૩/૨૦૨૫


### સરકારી નોકરી મેળવવા માગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર

# GPSC એ વર્ગ ૧ અને વર્ગ ૨ની ભરતીને લઈને નવા નિયમો જાહેર

નવી દિલ્હી, તા.૪

ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા માગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. GPSCએ વર્ગ 1 અને વર્ગ 2ની ભરતીને લઈને નવા નિયમો જાહેર કર્યા. સામાન્ય વહીવટ વિભાગે વર્ગ 1 અને 2માં ભરતીને લઈને જાહેર કરેલ નિયમ મુજબ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં પરીક્ષા લેવામાં આવશે. અગાઉ 1 ફેબુઆરી 2025 ના રોજ જાહેરાત વર્ગ 1 અને 2ની ભરતીની જાહેરાત કરાઈ હતી જેને ફેબુઆરીના અંતિમ સપ્તાહમાં રદ કરવામાં આવી હતી. અને હવે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ભરતીને લઈને નવા નિયમો જાહેર કરાયા છે.GPSC વર્ગ-1 અને 2ની ભરતી પરીક્ષામાં પ્રિલિમ અને મુખ્ય એમ બે ભાગમાં પરીક્ષા લેવાશે. ઉમેદવારે મુખ્ય પરીક્ષા આપતા પહેલા પ્રિલિમ પરિક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક છે.

પ્રિલિમ પરિક્ષામાં ઓબ્જેક્ટિવ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જ્યારે મુખ્ય પરીક્ષામાં પરિક્ષા આપવાની સાથે ફિઝિકલ ટેસ્ટ એટલે કે પર્સનાલિટી ટેસ્ટ આપવો પડશે.

ઉમેદવારો ખાસ ધ્યાનમાં રાખે કે ભરતી પરિક્ષા પહેલા જીપીએસસી પરીક્ષાને લઈને સિલેબસ જાહેર કરશે. ઉમેદવારના ઓર્ડર, પ્રેફરન્સ સહિતના નિયમોને લઈ ગેઝેટ જાહેર કરાશે.ગુજરાત જાહેર સેવા આયોગની ભરતી માટે પરીક્ષા આપનાર ઉમેદવારોએ પરીક્ષાલક્ષી વિવિધ માહિતી માટે GPSCની વેબસાઈટ હંમેશા ચેક કરતા રહેવી. GPSCની વેબસાઈટ ઉપર વિવિધ પોસ્ટની વિગતો, વય મર્યાદા, પરીક્ષાની મહત્વની તારીખો, ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, તેમજ જેમાં તેઓ નોકરી કરવા માંગે તેનો પ્રકાર, પરીક્ષા આપવા માટે અરજી ફી તેમજ કઈ પોસ્ટ માટે કયા પ્રકારની અરજી, અને પોસ્ટ મુજબ પગાર ધોરણ સહિતની મહત્વની માહિતી જાણી શકાશે.

# બિહારમાં નીતિશ કુમાર જ NDAના CM ઉમેદવાર

બિહારમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. રાજ્યની વતર્માન સરકારનો કાયર્કાળ ૨૨મી નવેમ્બર ૨૦૨૫ સુધીનો છે. ત્યારે આ વખતે બિહારમાં NDAનો મુખ્યમંત્રી ચહેરો કોણ હશે તે અંગે સર્વસંમતિ મળી છે. બિહારમાં નીતિશ કુમાર ફરી એકવાર NDAના મુખ્યમંત્રી ચહેરા બનશે, ભાજપ અને JDU આ અંગે સર્વસંમતિ પર પહોંચી ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૪મી ફેબ્રુઆરીએ ભાગલપુરમાં એક રેલીમાં નીતિશ કુમારની સરખામણી પ્રિય મુખ્યમંત્રી સાથે કરી હતી. હવે દ્વદ્ધછના મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમારનું નામ નક્કી થઈ ગયું છે. બિહારમા NDA ઘટક જીતન રામ માંઝીએ નીતિશ કુમારના નામને પહેલાથી જ મંજૂરી આપી દીધી હતી. ચિરાગ પાસવાને પણ કેટલાક સમાન સંકેતો આપ્યા હતા. હવે JDU અને ભાજપ વચ્ચે નીતિશના નામ પર સમજૂતી થઈ ગઈ છે.ભાજપના નેતા પ્રેમ કુમારે કહ્યું હતું કે, ’ચૂંટણી પછી મુખ્યમંત્રી પદના પ્રશ્ન પર વિચાર કરવામાં આવશે.’ આ દરમિયાન, બિહાર ભાજપ પ્રમુખ દિલીપ જયસ્વાલે કહ્યું હતું કે, ’ચૂંટણી નીતિશ કુમારના નેતૃત્વમાં લડવામાં આવશે,

### યૂક્રેનની અમેરિકા સાથેની શાંતિ વાર્તા પટારામાં બંધ થઈ છે

# મહાદ્વીપની સુરક્ષા માટે મહત્ત્વના પગલા લેવા જરુરીઃ કીર સ્ટાર્મર

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૪

વૉશિંગ્ટનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ અને યૂક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી વચ્ચે થયેલી મુલાકાત નિષ્ફળ નિવડી છે. બંને રાજનેતા યુદ્ધ વિરામ માટે એકત્ર થયા હતા. પરંતુ બંને વચ્ચે ચર્ચા ક્યારે દલીલમાં ફેરવાઈ તે કોઈ જાણી ન શક્યુ. અમેરિકા તરફથી મળતી મદદ બંધ થતા હવે યૂક્રેનની સાથે યુરોપ સમર્થન આપવા ઉભું છે. યુરોપમાં યૂક્રેન સમિટનું આયોજન કરવામાં આવ્યુ છે. યૂક્રેનની અમેરિકા સાથેની શાંતિ વાર્તા પટારામાં બંધ થઈ છે.

બ્રિટેનના પીએમ કીર સ્ટાર્મરે લંડનમાં યુરોપના નેતાઓને એક મંચ પર એકત્ર કર્યા છે. યૂક્રેન સમિટ બોલાવવા માટેનો હેતુ એ છે કે, અમેરિકાને બતાવી શકાય કે અમેરિકાના સમર્થન વિના પણ તેઓ પોતાની રક્ષા કરી શકે છે. લંડનમાં આયોજિત શિખર સંમેલનનું ઉદ્દેશ્ય સૈન્ય સહયોગને મજબૂત કરવાનું અને રશિયા સામેના યુદ્ધમાં યૂક્રેનને મજબૂત સમર્થન આપવાનું છે. આ સમિટનું આયોજન ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચેની મુલાકાત બાદ યોજાઈ હતી. આ સમિટમાં વિશ્વ નેતાઓએ યૂક્રેનને પોતાનું સમર્થન જાહેર કર્યુ છે. અને મદદ કરવા માટે વિશ્વાસ અપાવ્યો છે. યુરોપીય નેતાઓનું માનવુ છે કે, સુરક્ષાના ક્ષેત્રમાં વધુ ખર્ચ કરવો જોઈએ. જેથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પને એ વાતનો અહેસાસ થાય કે તેમના સાથ વિના પણ રક્ષા સોદા થઈ શકે છે અને મહાદ્વીપ પોતાની સુરક્ષા કરી શકે છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સૂચન કર્યુ કે આર્થિક સમસ્યાઓ હળવી કરવા માટે ઈ તેના દેવાના નિયમોમાં છૂટછાટ આપી શકે છે. સ્ટાર્મરે જણાવ્યુ હતુ કે, યુકે, યૂક્રેન, ફ્રાંસ અને અન્ય દેશો એક સંગઠન બનાવશે અને ટ્રમ્પને શાંતિ યોજના રજૂ કરશે. તેઓએ અન્ય દેશના નામ તો નથી જાહેર કર્યા પણ આ યોજનામાં બીજા દેશોનો પણ સાથ રહેશે.બ્રિટેનના પીએમ કીર સ્ટાર્મરે કહ્યુ હતુ કે, આ વાતચીતનો નહીં પણ એક્શન લેવાનો સમય છે. શાંતિ વાર્તા માટે એકત્ર થઈ યોજના બનાવવું ખૂબ જરુરી છે. કીર સ્ટાર્મરે વધુમાં કહ્યુ હતુ કે, યૂક્રેનને ૫ હજારથી વધુ હવાઈ સંરક્ષણ મિસાઈલો ખરીદવામાં મદદ કરવા માટે ૧.૬ બિલિયન પાઉન્ડ બ્રિટિશ નિકાસ ભંડોળની જાહેરાત કરી છે અને સાથે જ કહ્યું કે, યુક્રેનમાં શાંતિ જાળવવા માટે બધા દેશોએ ઘણું કામ કરવાની જરૂર છે.

**સ્ટાર્મરે જણાવ્યુ હતુ કે, યુકે, યૂક્રેન, ફ્રાંસ અને અન્ય દેશો એક સંગઠન બનાવશે અને ટ્રમ્પને શાંતિ યોજના રજૂ કરશે**

### સાગર ધનખડ હત્યાકાંડ કેસ

# દિલ્હી હાઈકોર્ટે રેસલર સુશીલ કુમારના જામીન મંજૂર કર્યા

નવીદિલ્હી,તા.૪

દિલ્હી હાઈકોર્ટે જુનિયર રેસલર સાગર ધનખર હત્યા કેસમાં રેસલર સુશીલ કુમારના જામીન મંજૂર કર્યા છે. મે ૨૦૨૧માં હત્યાના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. તેને અગાઉ જુલાઈ ૨૦૨૩માં ઘૂંટણની સર્જરી કરાવવા માટે ૭ દિવસની વચગાળાની જામીન આપવામાં આવી હતી.

સાગર હત્યા કેસમાં દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ, ઓલિમ્પિક મેડલ વિજેતા કુસ્તીબાજ સુશીલ કુમાર અને તેના સહયોગીઓએ છત્રસાલ સ્ટેડિયમનો દરવાજો અંદરથી બંધ કરીને ભૂતપૂર્વ જુનિયર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયન સાગર ધનખર અને અન્યને લાકડીઓ, હોકી સ્ટિક અને બેઝબોલ બેટથી ૩૦ થી ૪૦ મિનિટ સુધી માર માર્યો હતો. ધનખર અને તેના ચાર મિત્રો પર ૪ અને ૫ મે (૨૦૨૧)ની વચ્ચેની રાત્રે સ્ટેડિયમમાં કુમાર અને અન્ય લોકો દ્વારા મિલકતના વિવાદને લઈને કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. બાદમાં સાગરનું ઈજાઓથી અવસાન થયું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે સાગર અને તેના મિત્રોનું દિલ્હીમાં બે અલગ-અલગ જગ્યાએથી અપહરણ કરવામાં આવ્યું હતું અને સ્ટેડિયમમાં લાવવામાં આવ્યા હતા, ત્યારબાદ ગેટ અંદરથી બંધ કરી દેવામાં આવ્યો હતો અને સુરક્ષાકર્મીઓને ત્યાંથી જવાનું કહેવામાં આવ્યું હતું. "સ્ટેડિયમમાં, તમામ પીડિતોને તમામ આરોપીઓએ ઘેરી લીધા હતા અને નિર્દયતાથી માર્યા હતા," પોલીસે તેમના ૧,૦૦૦ પાનાના અંતિમ અહેવાલમાં જણાવ્યું હતું. તમામ પીડિતોને લગભગ ૩૦ થી ૪૦ મિનિટ સુધી લાકડીઓ, દંડા, હોકી સ્ટિક, બેઝબોલ બેટ વગેરેથી માર મારવામાં આવ્યો હતો.

આ કેસની તપાસમાં ખુલાસો થયો હતો કે કેવી રીતે કુસ્તીબાજોના બંને કેમ્પના લોકો વિવાદિત જમીનની ખરીદી, કબજો અને ખંડણીના રેકેટમાં સામેલ હતા. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે કુસ્તીબાજોના બંને કેમ્પના લોકો ગેંગસ્ટર કલા જાથેડી અને નીરજ બાવાનિયા સાથે સંકળાયેલા હતા.

### મણિપુર ચીનના નિશાના પર છે!

# ગૃહયુદ્ધથી ઘેરાયેલા મ્યાનમારની મદદથી ભારત વિરુદ્ધ ચીનનું ષડ્યંત્ર

નવીદિલ્હી,તા.૪

ભારતના પડોશી દેશ મ્યાનમારમાં લાંબા સમયથી ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ અરાકાન આર્મી અને અન્ય બળવાખોર જૂથ વચ્ચે છે. જ્યારે બીજી તરફ જુન્ટા શાસનની સેના છે.

મ્યાનમારમાં ચાલી રહેલા ગૃહયુદ્ધની અસર ભારત, બાંગ્લાદેશ અને ચીન સહિત અન્ય પડોશી દેશો પર પણ પડી રહી છે.

અહેવાલો અનુસાર, મ્યાનમારની પરિસ્થિતિનો ઉપયોગ ચીન પોતાના ફાયદા માટે અને ભારતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. આનાથી ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોની સુરક્ષા માટે ખતરો ઊભો થઈ શકે છે. જેના સંદભર્માં, ગુપ્તચર એજન્સીઓએ ભારતને મ્યાનમારમાં ચીનના વધતા પ્રભાવ અંગે ચેતવણી આપી છે.

ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી આપી છે કે મ્યાનમારમાં ચીનનો વધતો પ્રભાવ ભારત માટે મોટો ખતરો બની રહ્યો છે. ભારતનું ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુર ચીનના નિશાના પર છે કારણ કે તે એક સંવેદનશીલ રાજ્ય છે જ્યાં લાંબા સમયથી અશાંતિ પ્રવર્તી રહી છે.

ચીનની આક્રમક ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને ભારત અને મ્યાનમાર વચ્ચેની ૧૬૩૯ કિલોમીટર લાંબી સરહદ પર ભારતે કડક દેખરેખ રાખવાની જરૂર છે.

ચીને મ્યાનમારની સરહદે આવેલા યુનાન પ્રાંતમાં એક અત્યાધુનિક રડાર સિસ્ટમ ન્છઇ (લાર્જ ફેઝ્ડ એરે રડાર) સ્થાપિત કરી છે. આનાથી ચીન સમગ્ર વિસ્તાર પર નજર રાખી શકે છે. આ ઉપરાંત ચીન મ્યાનમારની જુન્ટા સેના સાથે પણ સંકળાયેલું છે, બીજી તરફ તે અરાકાન આર્મી જેવા સશસ્ત્ર જૂથોને પણ શસ્ત્રો પૂરા પાડે છે. મતલબ કે ચીન બેવડી નીતિ અપનાવી રહ્યું છે.

### વિવિધ સમાચાર માધ્યમોમાં ફોટા સાથે અહેવાલો પ્રકાશિત થયા હતા

# ગુજરાતમાં વધુ એક નકલી અધિકારી અંગે મોટો ઘટસ્ફોટ

## સોજીત્રાની નિશા વ્હોરા નામની યુવતી પોતે DySP હોવાનો અને અમદાવાદ સાયબર ક્રાઈમમાં કાર્યરત હોવાનો દાવો કર્યો છે

રાજ્યમાં અવાર-નવાર નકલી પોલીસ, નકલી ડૉક્ટર અને નકલી અધિકારીઓ પકડાતા હોય છે. ત્યારે હવે વધુ એક નકલી DySP અંગે ઘટસ્ફોટ થયો છે. આણંદ જિલ્લાના સોજીત્રાની નિશા વ્હોરા નામની યુવતી પોતે DySP હોવાનો અને અમદાવાદ સાયબર ક્રાઈમમાં કાર્યરત હોવાનો દાવો કર્યો છે. જે મુદ્દે રાજ્યના એક વિદ્યાર્થી નેતાએ આક્ષેપ લગાવ્યો છે કે નિશા વ્હોરાના તમામ દાવા ખોટા છે. તેમણે GPSCની પરીક્ષા પાસ નથી કરી કે નથી તે કોઈ અધિકારી.

ગુજરાતના વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે સોશિયલ મીડિયામાં પુરાવા સાથે દાવો કર્યો છે, છેલ્લા પાંચ વષર્માં નિશા વ્હોરા નામની કોઈ યુવતીએ GPSC પાસ કરી નથી, તેમણે પાંચ વષર્ના પરિણામોની પણ તપાસ કરી છે. આ સાથે આવી કોઈ યુવતીની છેલ્લા પાંચ વષર્માં DySP તરીકે કોઈ નિમણૂક પણ નથી થઈ. આ મુદ્દે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચથી લઈને નિશા વ્હોરાના વતન એવા આણંદ જિલ્લાના સોજીત્રા શહેર સુધી તપાસ કરી છે.

**તંત્રી લેખ**

નકલી DySP નિશા વ્હોરાએ સોજીત્રાના ધારાસભ્ય વિપુલ પટેલ સહિત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેના પણ ફોટા પડાવ્યા હતા અને બહુમાન મેળવ્યું હોવાના ફોટા પણ મળી આવ્યા છે. આ ઉપરાંત તેલંગાણા રાજ ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, મુખ્યમંત્રી વિજય રૂપાણીનો સંદેશ જેવા પ્રશસ્તિ પત્રો મેળવી અને સમાજના કાર્યક્રમોમાં ભરપૂર વાહવાહી પણ લૂંટી છે. મુસ્લિમ સમાજ સહિતના અનેક સામાજીક સંગઠનોમા વિવિધ કાર્યક્રમોમાં તેનું GPSC પાસ કરી DySP બની હોવા અંગે સન્માન પણ થઈ ચૂક્યું છે.

નિશા વ્હોરાની કથિત સફળતા અંગે વિવિધ સમાચાર માધ્યમોમાં ફોટા સાથે અહેવાલો પ્રકાશિત થયા હતા. જેમાં નિશાની સંઘર્ષની કહાની રજૂ કરાઈ હતી. સરદાર પટેલ યુનિવર્સિટીએ પણ નિશા વ્હોરાને DySP તરીકે ગાંધીનગર ખાતે નિમણૂંક થવા બદલ અભિનંદન આપ્યા હતા. આ ઉપરાંત એક કિસ્સામાં નિશાના પિતાએ તેમની દીકરી DySP તરીકે Cyber Crime Cell અમદાવાદ ખાતે ફરજ બજાવે છે તેવું પણ જણાવ્યું હતું. એક અહેવાલમાં નિશા વ્હોરા GPSC કલાસ ૩ માં પાસ થવાના સમાચાર હતા. જેમાં નિશા પોતે IPS બની દેશ સેવા કરવા UPSCની તૈયારી કરતી હોવાનું જણાવાયું છે. દાવો કરાયો છે કે સોજીત્રાની નિશાબેન સલીમભાઈ વ્હોરાએ જામિયા હાઈસ્કુલમાંથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનું શિક્ષણ લીધા બાદ વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સીટીમાંથી કોમસર્માં સ્નાતક કર્યું, જ્યાર બાદ GPSCની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી હતી. અને કોઈ પણ કલાસીસ કર્યા વિના તેણે આપબળે સફળતા મેળવી હતી. આ માટે કેટલાક અધિકારીઓએ તેને માર્ગદર્શન આપ્યું હતું તેવો દાવો પણ કરાઈ રહ્યો છે. અને GPSCની વર્ગ-૩ની પરીક્ષામાં સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી હતી તેવો દાવો કરાયો હતો.

નિશા વ્હોરાએ જે તે સમયે કહ્યું હતું કે 'સફળતા માટે મહેનત અને સમર્પણ બન્ને જોઈએ. તે કોઈ જ ક્લાસિસ જોઈન કર્યા વિના આપબળે UPSCની પરીક્ષાની તૈયારીઓ માટે પ્રશ્નપત્રો સોલ્વ કરી રહી છે. અને ૧૨ -૧૨ કલાકની સખત મહેનત કરી રહી છે. વધુમાં પોતાને માર્ગદર્શન આપનાર અન્ય આઈ.એ.એસ. અધિકારીઓના સંપકર્માં હોવાનો પણ દાવો કર્યો હતો.નિશા વ્હોરા બોગસ અધિકારી હોવાનો સોશિયલ મીડિયા પર દાવો કરતા તે અંગે અમે ખરાઈ કરવાનો પણ પ્રયાસ કર્યો. જે માટે નિશાના વતન એવા આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી.જસાણી સાથે વાત કરી હતી. ગુજરાત સમાચાર સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે 'આ બાબતે જાણકારી મુજબ તથ્યો તપાસી આગળની કાયર્વાહી કરવામાં આવશે'.

નિશાએ પોતે અમદાવાદ સાયબર ક્રાઈમમાં DYSP હોવાનો દાવો કર્યો હોવાથી અમે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના DCP અજીત રાજીયાણ સાથે પણ વાત કરી, ગુજરાત સમાચાર સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે 'આવા કોઈ અધિકારી અમારા વિભાગમાં નથી, અને આ એક સ્કેમ પોસ્ટ લાગે છે'.

### અંધશ્રદ્ધાના ભયંકર પરિણામો

# નવજાત શિશુને ગરમ સળિયાના ૪૦ વખત ડામ દેવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઓડિશા,તા.૪

એક નાનું માસૂમ બાળક જે બરાબર રડી પણ શકતું ન હતું, તેની કોમળ ત્વચા પર સળગતા લોખંડ સળિયાના ડામના નિશાન બની ગયા હતા. પીડાથી કણસતા તે બાળકની ચીસો કદાચ હવામાં ગાયબ થઈ ગઈ, કારણ કે તેને બચાવવાને બદલે, તેના પોતાના લોકોએ તેને અંધશ્રદ્ધાની આગમાં ફેંકી દીધો હતો. આ ભયાનક ઘટના ઓડિશાના નબરંગપુર જિલ્લામાં બની હતી, જ્યાં એક મહિનાના બાળકને ગરમ લોખંડથી ૪૦ વાર ડામ આપવામાં આવ્યા હતા. પરિવારે વિચાર્યું કે આનાથી તે સાજો થઈ જશે, પરંતુ વાસ્તવિકતા ઘણી વધારે પીડાદાયક હતી. શું અંધશ્રદ્ધા કોઈ નિદોર્ષના દુઃખ કરતાં મોટી હોઈ શકે ? તમે જ જણાવોપ

પ્રાપ્ત માહિતી અનુસાર, ઓડિશાના નબરંગપુર જિલ્લામાં એક દદર્નાક ઘટના સામે આવી છે, જ્યાં એક મહિનાના નવજાત બાળકને ગરમ લોખંડથી ૪૦ વાર ડામ દઈને બાળી નાખવામાં આવ્યું હતું. આ અમાનવીય કૃત્ય એટલા માટે કરવામાં આવ્યું કારણ કે પરિવારના સભ્યો માનતા હતા કે આનાથી બાળક સાજું થઈ જશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બાળક છેલ્લા ૧૦ દિવસથી ખૂબ જ તાવથી પીડાઈ રહ્યું હતું, પરંતુ પરિવારે ડૉક્ટર પાસે જવાને બદલે અંધશ્રદ્ધા પર આધાર રાખ્યો હતો. જ્યારે બાળકની હાલત બગડવા લાગી, ત્યારે તેને ઉમરકોટ સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેની સારવાર શરૂ કરી હતી.

તબીબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના ઓડિશાના નબરંગપુર જિલ્લામાં ગંભારીગુડા પંચાયતના ચાંદાહાંડી બ્લોકમાં આવેલા ફંડેલપાડા ગામમાં બની હતી. ડોક્ટરોએ જણાવ્યું કે પરિવારના સભ્યો માનતા હતા કે બાળકને ગરમ લોખંડથી ડામ આપવાથી તેના શરીરમાંથી દુષ્ટ આત્માઓ બહાર નીકળી જશે. આ અંધશ્રદ્ધાને કારણે, નવજાત શિશુને માથા અને પેટ પર ગરમ લોખંડ સળિયાના ડાણ આપીને બાળી નાખવામાં આવ્યું હતું. ડોક્ટરોએ પુષ્ટિ આપી કે બાળક હાલમાં સ્થિર છે, પરંતુ તેને ખૂબ દુખાવો થઈ રહ્યો છે. તેમણે આવી ઘટનાઓને રોકવા માટે જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

આવી અંધશ્રદ્ધાઓ હજુ પણ દૂરના વિસ્તારોમાં પ્રચલિત છે, જ્યાં લોકો રોગોને દુષ્ટ આત્માઓ અથવા મેલીવિદ્યા સાથે જોડે છે. તબીબી અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં આ વિસ્તારમાં જાગૃતિ અભિયાન શરૂ કરશે, જેથી લોકો રોગની યોગ્ય સારવાર માટે હોસ્પિટલોમાં જાય અને આવા ખતરનાક પગલાંથી દૂર રહે. વહીવટીતંત્રે પણ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને કહ્યું છે કે આવી પ્રથાઓને રોકવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.

### ઉમેદવારોએ ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ આંદોલન કર્યું હતું

# શિક્ષકોની ભરતીની માંગ સાથે ઉમેદવારોનો અનોખો વિરોધ, શિક્ષણ મંત્રીની ઉતારી આરતી

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં TET-TAT પાસ ઉમેદવારો પોતાના પડતર પ્રશ્નોને લઈ આંદોલન કરી રહ્યા છે. ૨૪મી ફેબ્રુઆરીએ આ ઉમેદવારોએ ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ આંદોલન કર્યું હતું. હવે આ ઉમેદવારોએ અનોખી રીતે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. ટેટ-ટાટના ઉમેદવારે રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરની આરતી ઉતારી વિરોધ નોંધાવ્યો છે. આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં એક ઉમેદવાર રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરની આરતી ઉતાર છે. જેમાં તે ગાઈ રહ્યો છે કે, 'જય કુબેરભાઈ સાહેબ..જય કુબેરભાઈ સાહેબ, મારા ટેટ વાળાના વ્હાલા, ટાટ વાળાના પ્યારા.. એવા મારા જય કુબેરભાઈ સાહેબ.. જગ્યા વધારો રે, ૧થી ૧૨માં જગ્યા વધારો રે... જગ્યા વધારો આપો, ...જગ્યા વધારો આપો.. એવા મારા કુબેરભાઈ સાહેબ..' નોંધનીય છે કે, છેલ્લા ઘણાં સમયથી ભરતીની માંગણી કરવામાં આવી રહીં છે. જ્યારે અત્યારે પણ આ વિરોધ યથાવત્ છે.

### વિધાનસભામાં મંગળવારે એક એવી ઘટના બની

# ઉત્તર પ્રદેશના ધારાસભ્યનું શરમજનક કૃત્ય, પાન-મસાલા ખાઈને વિધાનસભામાં જ પિચકારી મારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઉત્તર પ્રદેશ ,તા.૪

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં મંગળવારે એક એવી ઘટના બની, જેનાથી ગૃહની ગરિમા અને સ્વચ્છતાને લઈને ગંભીર સવાલ ઊભા થઈ રહ્યા છે. ગૃહની કાયર્વાહી શરૂ થતાં પહેલાં એક ધારાસભ્યએ પાન મસાલો ખાઈને ગૃહના હૉલમાં થૂંક્યું હતું. જેના પર વિધાનસભા અધ્યક્ષે નારાજગી વ્યક્ત કરી અને આ ઘટનાને શિસ્તભંગ કરાર કરી હતી. તેમણે સ્પષ્ટ રૂપે કહ્યું કે, 'મેં વીડિયોમાં જોઈ લીધું છે કે, આ કોણે કર્યું પરંતુ, હું કોઈ સભ્યનું નામ નહીં લઉં.'વિધાનસભા અધ્યક્ષ સતીશ મહાનાએ મંગળવારની (ચોથી માર્ચ) કાયર્વાહી શરૂ થતાં સૌથી પહેલાં આ મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

વિધાનસભા અધ્યક્ષે ખૂબ જ ગંભીરતાથી કહ્યું કે, ગૃહમાં આ પ્રકારની કોઈ હરકત જરાય સ્વીકાર્ય નથી.

આજે સવારે મને સૂચના મળી કે, આપણી વિધાનસભામાં હાલ કોઈ માનનીય સભ્યએ પાન મસાલો ખાઈને થૂંકી દીધું. હું આવ્યો અને મેં સાફ કરાવ્યું. મેં વીડિયો જોઈ લીધો છે કે, આ કોણે કર્યું પરંતુ, હું કોઈનું અપમાન કરવા નથી ઈચ્છતો. વિધાનસભા કોઈ વ્યક્તિની નથી પરંતુ, ૪૦૩ ધારાસભ્ય અને ઉત્તર પ્રદેશની ૨૫ કરોડની જનતાની છે. તેને સ્વચ્છ અને ગરિમામય બનાવી રાખવું તમામ સભ્યોની જવાબદારી છે.'આ મુદ્દે વિધાનસભા અધ્યક્ષે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, 'જેણે પણ આ કૃત્ય કર્યું છે,

તેની ઓળખ થઈ ગઈ છે. જો આ સ્વયં આગળ આવીને પોતાની ભૂલ સ્વીકારે છે તો ઠીક છે નહીંતર મારે તેને બોલાવવું પડશે. આ સિવાય હું તમામ સભ્યોને અપીલ કરૂ છું કે, જો કોઈ ધારાસભ્ય આ પોતાના સાથીને આ પ્રકારનું કૃત્ય કરતા જુએ છે તો તેને તુરંત આવું કરતા રોકે, આ ગૃહ આપણાં બધાંની મયાર્દા અને ઉત્તર પ્રદેશની જનતાની આસ્થાનું કેન્દ્ર છે. તેને સ્વચ્છ અને સન્માનજનક બનાવી રાખવું આપણી જવાબદારી છે.'

## સુડોકુ નં. ૧૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | | 3 | | 7 | | |
| | 5 | 7 | 9 | 8 | 2 | 4 | 1 | |
| | 3 | | | | | | 2 | |
| | | 9 | 1 | | 8 | 3 | | |
| | | | | | | | | |
| | | 2 | 4 | | 3 | 6 | | |
| | 2 | | | | | | 9 | |
| | 1 | 3 | 8 | 4 | 6 | 5 | 7 | |
| | | 8 | | 7 | | 1 | | |

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૮૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 2 | 3 | 1 | 7 | 6 | 4 | 9 |
| 6 | 9 | 1 | 5 | 2 | 4 | 8 | 7 | 3 |
| 4 | 7 | 3 | 8 | 6 | 9 | 1 | 2 | 5 |
| 2 | 3 | 9 | 4 | 5 | 6 | 7 | 1 | 8 |
| 7 | 1 | 4 | 9 | 3 | 8 | 5 | 6 | 2 |
| 5 | 8 | 6 | 2 | 7 | 1 | 3 | 9 | 4 |
| 3 | 2 | 7 | 1 | 9 | 5 | 4 | 8 | 6 |
| 9 | 6 | 8 | 7 | 4 | 3 | 2 | 5 | 1 |
| 1 | 4 | 5 | 6 | 8 | 2 | 9 | 3 | 7 |

## રાશિ ભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સંતાનો તમારા કજ્ઞામાં ન રહેતા મન અશાંત રહે. પત્ની સાથે વિવાદ ટાળવા. મોટા સાહસ કે ખોટા રોકાણો કરવા નહીં. વિવાદમાં ઉતરવું નહીં .પેટ,આંતરડા સંબંધી તકલીફ સર્જાય.

**વૃષભ(બ.વ.ઉ) :** ભૂતકાળમાં કરેલુ આયોજન સફળ થાય. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્યજીવન મધુર બને. વ્યવસાયિક કાર્ય અર્થે યાત્રા--વાસ સરળતાથી પાર પાડી શકશો.

**મિથુન(ક.છ.ઘ) :** કચેરીમાં શુભ સમચાર મળે. ભાગ્યોદયમાં વૃધ્ધિ થાય. આર્થિક ઉન્નતિ થાય. રોકાયેલા નાણાં છુટા થાય. પરિવારમાં -સન્નતાનુ વાતાવરણ રહે. મનોબળ મજબૂત બનશે.

**કર્ક(ડ.હ.):** વડીલોના સહકારથી ધારેલી સફળતા મેળવી શકશો. શુભ દિવસ છે. વાહન અકસ્માતમાથી ઉગરી જવાય. દિવસના પૂર્વાધમાં વધુ આનંદ મળે. હરિફો,-તિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો.

**સિંહ(મ.ટ.) :** દામ્પત્ય જીવનમાં મતભેદના કારણે મન અશાંત રહે.-ેમ અને નિષ્ઠાની કસોટી થાય. પરિવારમાં ખટરાગ ઉત્પન્ન કરનાર પરિબળો પેદા થાય. વિશ્વાસમાં આવી નિર્ણય લેવો નહીં.

**કન્યા(પ.ઠ.ણ.):** પરિવારમાં સુમેળ રહે. નોકરિયાત વર્ગને -ગતિની ઉત્તમ તકો મળી રહેશે. આધાત્મિક ધાર્મિક ક્ષેત્રે વધુ -ગતિ થાય. સંતાનોના આરોગ્યની ચિંતા દૂર થાય. રમણિય સ્થળોની મુલાકાત લઇ શકશો.

**તુલા(ર.ત.) :** આકસ્મિક ધન લાભ થાય. પરિવારમાં સુમેળ જળવાય. શુભ અવસરમાં હાજરી આપી શકશો. ઘરમાં અને કાર્યક્ષેત્રમાં વૈભવ સમૃદ્ધિની ,સુંદર ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. સ્વાસ્થ્ય સારુ.

**વૃશ્ચિક(ન.ય.) :** સફળતા શોધતી આવે. નેતાગીરીમાં યશ મળે. પરિવાર અને દામ્પત્યજીવનમાં સ્નેહ અને મધુરતા રહે. ધાન્ય ધાતુ અને કાપડમાં નફો થાય. મિત્રોના સાથ-સહકારથી કાર્યક્ષેત્રે -ગતિ વધે.

**ધન(ભ.ધ.ફ.ઢ.):** વડીલોના સ્વાસ્થ્યની ચિંતા રહે. કૌટુંબિક વિખવાદ ઉગ્ર બને. સફળતા આડે અવરોધ અને અણધાર્યા ખર્ચા થાય. હીરાના વેપારમાં ફાયદો રહે. સ્થાયી -ોપર્ટીની ખરીદી કરી શકશો.

**મકર(જ.ખ.):** પૂર્વે કરેલા આયોજનોમાં સફળતા મળે. કાર્યક્ષેત્રને આધુનિક બનાવી શકશો. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્ય વિવાદમાં સમાધાન વૃત્તિ રહે. પરોપકારવૃત્તિમાં વધારો થાય.

**કુંભ(ગ.શ.સ.) :** કામના સ્થળે સમય સારો જાય. સ્વભાવે ચતુર અને વિનયી બનશો. નવા આયોજનોમાં સફળતા મળે. કાપડના વેપારમાં ફાયદો રહે. તેલના વેપારમાં ફાયદો રહે.આરોગ્ય એકંદરે સારુ રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** લાંબા ગાળાના આયોજનો અને મહત્વના નિર્ણયોમાં સફળતા અને સરળતા રહે. પારાવારિક વિવાદનો અંત આવે. રકતની પીડામાં ઘટાડો થાય. ધાર્મિક, આધાત્મિક -વૃત્તિઓથી પ્રગતિ.

**જ્યોતિષાચાર્ય : ડૉ. મહેશભાઈ દશોરા**
**જ્યોતિષ કાર્યાલય, ડી-૬૧૯, છઠ્ઠા માળે, ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર, મજૂરાગેટ ચાર રસ્તા સુરત -૩૯૫૦૦૨.**
**ફોન નં: (૦૨૬૧) ૨૪૭૭૮૮૦**

## સુવિચાર

■ જે તમારું મૌન સમજી શકતો નથી તે તમારા શબ્દો પણ નહીં સમજી શકે. - એલ્બર્ટ હુબાર્ડ

## પંચાંગ

તા ૦૫-૦૩-૨૦૨૫
વાર : બુધ
વિક્રમ સંવત: ૨૦૮૦
મહાવીર જૈન સંવત: ૨૫૪૬
શાલીવાહન શક સંવત : ૧૯૪૧
ખ્રિસ્તી સંવત : ૨૦૨૯
માસ: ફાગણ
પક્ષ: સુદ
તિથી : છઠ્ઠ
પારસી તા. : ૧૮
મુસ્લિમ તા.: ૦૫
નક્ષત્ર: રેવતી
યોગ : સાધ્ય
કરણ : ગર
દિશાશૂલ : પશ્ચિ‍મ દિશા ( આ દિશામાં યાત્રા કરવાથી મુંઝવણ રહે )
રાહુકાળ : ૧૦.૩૦ થી ૧૨.૦૦ સુધી ( રાહુકાળમાં કોઇપણ કાર્યનું શુભારંભ ન કરવુ )

ચંદ્ર રાશિ: આજે જન્મેલા બાળકોની રાશિ મીન છે. જેથી જન્મેલા બાળકોના નામ દ.ચ.ઝ.થ. અક્ષર પર રાખી શકાય. સાંજે ક.૧૮ મિ. ૧૧ થી મેષ રાશિ શરૂ થશે. જેથી ક. ૧૮ મિ.૧૧ થી જન્મેલા બાળકોના નામ અ.લ.ઈ અક્ષર પર રાખી શકાય

ગ્રહોનું રાશિ ભ્રમણ આ -માણે છે: સૂર્ય: મકર ચંદ્ર: મીન/મેષ મંગળ: વૃશ્ચિક બુધ: કુંભ ગુરુ: ધનશુક્ર: કુંભ
શનિ: મકર રાહુ: મિથુન કેતુ: ધન હર્ષલ: મેષ નેપ્ચ્યુન: કુંભ પ્લુટો: ધન

દિવસના ચોઘડીયા:(૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ
રાત્રિના:- (૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

અમદાવાદ બ્યૂરો ઓફિસ : કોશિશ એસ. શાહ (બ્યુરો ચીફ) ૩૦૨, આરંભ કોમ્પ્લેક્ષ, પંચવટી પેટ્રોલ પંપની પાછળ, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન (૦૭૯) ૪૦૦૪૦૫૭૫, ૯૯૨૫૦ ૪૭૦૯૨, ફેક્સ (૦૭૯) ૪૦૦૪૦૫૭૫

### AICC સંગઠન મહાસચિવ કે.સી.વેણુગોપાલે કરી બેઠક

# કોંગ્રેસ અધિવેશનને લઈ ગુજરાતમાં તડામાર તૈયારી શરૂ

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થવા જઈ રહ્યું છે. આ પહેલાં છેક ૧૯૬૧માં ભાવનગરમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. તારીખ ૮-૯ એપ્રિલ ૨૦૨૫ના દિવસ AICC અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે સંગઠન મહાસચિવ કે.સી વેણુગોપાલ અમદાવાદ પહોંચ્યા હતાં. ત્યારબાદ મંગળવારે (૪ માર્ચ) બપોરે ત્રણ વાગ્યે ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતમાં યોજાનારા ૬૪માં અધિવેનશને લઈને નેતાઓને વિવિધ જવાબદારી સોંપવા અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી.કે.સી વેણુગોપાલે આ વિશે જણાવ્યું કે, હું રાષ્ટ્રીય અધિવેશનના સ્થળની પસંદગી માટે ગુજરાત આવ્યો છું. અમે ગુજરાતના ગાંધીજી-સરદારના વારસાને લઈને આગળ વધી રહ્યાં છીએ. હાલ, ગુજરાતમાં કોંગ્રેસ માટે અનેક પડકારો છે, જેનો અમે સ્વીકાર કરીએ છીએ. પડકારોને ઝીલીને કોંગ્રેસ ગુજરાત પર ફોકસ કરશે. નોંધનીય છે કે, AICC અધિવેશનમાં દેશભરના AICC પ્રતિનિધિઓ એકત્રિત થશે. જેમાં બંધારણ તેમજ તેના મૂલ્યો પર થતાં સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે તેમજ પાર્ટીની આગામી કામગીરી અંગે માર્ગદર્શન નક્કી કરવામાં આવશે. કોંગ્રેસ ૩૦ વષથી ગુજરાતમાં છેલ્લાં ૩૦ વષથી હારનો સામનો કરી રહી છે. હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ કોંગ્રસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે કોંગ્રેસ મિશન-૨૦૨૭ હેઠળ અત્યારથી તૈયારીમાં લાગી ગઈ છે. ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેકઠક સાથે અધિવેશન શરૂ થશે. ત્યારબાદ ૯ એપ્રિલના દિવસે AICC પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય AICC પ્રતિનિધિઓ હાજર રહેશે. આ AICC અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત CWC બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રક્રિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વર્ષગાંઠની યાદમાં યોજાઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહરાજ્ય ગુજરાત છે. જેથી ગુજરાતની દરેક ચૂંટણી ભાજપ માટે ખૂબ જ મહત્ત્વની હોય છે. આવી સ્થિતિમાં જો કોંગ્રેસે પોતાની સ્થિતિ મજબૂત કરવી હોય તો તેને ગુજરાતમાં ભાજપને નબળું પાડવું પડશે. જો ગુજરાતમાં ભાજપની હાર થાય તો કોંગ્રેસની દેશમાં પકડ મજબૂત થઈ શકવાની સંભાવના છે. તેથી હાલ, કોંગ્રેસ માટે ૨૦૨૭માં ગુજરાતમાં જીત મહત્ત્વની છે. નોંધનીય છે કે, કોંગ્રેસ ૧૯૯૫ થી ૨૦૨૨ સુધી ગુજરાતની તમામ વિધાનસભા ચૂંટણીમાં હારી ગઈ છે. આ સિવાય લોકસભા ચૂંટણીમાં તો ૨૦૧૪ અને ૨૦૧૯માં કોંગ્રેસ પોતાનું ખાતું પણ ખોલાવી નથી શકી. ૨૦૨૪ ની ચૂંટણીમાં બનાસકાંઠાની બેઠકથી ગેનીબેને કોંગ્રેસનું નાક રાખી લોકસભામાં ગુજરાતમાંથી એક બેઠકમાં જીત મેળવી. પરંતુ, સામે ગેનીબેનની વાવ વિધાનસભાની વાવ બેઠક પર પેટાચૂંટણીમાં કોંગ્રેસને ફરીથી હારનો સામનો કરવો પડ્યો હતો. જેથી વિધાનસભામાં જે ગણતરીની બેઠક હતી, તેમાં પણ ઘટાડો થઈ ગયો.

# અમદાવાદની શાન માણેકચોક એક મહિના માટે બંધ રહેશે

અમદાવાદ,તા.૪

અમદાવાદના હાર્દસમા અને ખાણીપીણી માટે વર્ષો જૂની બજાર એટલે માણેકચોકનો વિસ્તાર શોખીનો માટે એક મહિના સુધી બંધ રાખવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માણેકચોકમાં જૂની ડ્રેનેજ સિસ્ટમના રિહેબિલિટેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીના પગલે આજથી એટલે કે ૪ માર્ચ મંગળવારના રોજથી પ્રખ્યાત ખાણીપીણીની બજાર મહિના માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદ શહેરના મધ્ય ઝોનમાં અંદાજે ૫૫ કરોડ રુપિયાના ખર્ચે ડ્રેનેજ લાઈન બદલવાની કામગીરી શરુ કરવામાં આવશે.

હાલમાં આ પ્રોજેક્ટ માટે સર્વેની કામગીરી ચાલી રહી છે અને પૂર્ણ થયા બાદ રિહેબિલિટેશનનું કામ તાત્કાલિક શરુ કરી દેવામાં આવશે. કામગીરી દરમ્યાન માણેકચોક બજારને એક મહિના સુધી બંધ રાખવું પડશે.

આ કામના કારણે વેપારીઓ અને સ્થાનિક લોકોને જાણ કરવામાં આવી છે કે, રાણીનો હજીરો અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર એક મહિના માટે બંધ રહેશે. જો કે દુકાનદારો સવારે પોતાની દુકાનો ખોલી શકશે, પણ રાતના સમયે બજારો સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. આ નિર્ણયથી માણેકચોક ખાણીપીણીના વેપારીઓ અને રાત્રિ બજાર પર નિર્ભર લોકોના રોજગાર પર ગંભીર અસર પડી શકે છે.

હોળીના તહેવાર પછી ડ્રેનેજની કામગીરી શરુ થવાની સંભાવના છે. જો કે આ કામ બાદ બજાર ક્યારે ખુલશે તે અંગે કોર્પોરેશન દ્વારા કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જેથી વેપારીઓ અને ગ્રાહકો માટે ચિંતાનો વિષય છે.

### અમદાવાદનો ગજબનો કિસ્સો

# પ્રેમીને પૈસાની જરૂર પડતાં પ્રેમિકાએ પિતાના નામે લોન લીધી

અમદાવાદ,તા.૪

કહેવાય છે પ્રેમ આંધળો હોય છે. આજકાલ લોકો પ્રેમમાં કઈ પણ કરી શકે છે, તેનું ઉદાહરણ આપતો કિસ્સો અમદાવાદમાં બન્યો છે. જેમાં પ્રેમીને પૈસાની જરૂર હોવાથી પ્રેમિકાએ પિતાના ડોક્યુમેન્ટ ચોરી લીધા હતા અને ખોટી સહીઓ કરી રૂપિયા ૭૦ હજારની લોન લઈ પધરાવી દીધી હતા. અભયમની ટીમે દીકરીનું પ્રેમીનું કાઉન્સેલિંગ કરી સમાધાન કરાવ્યું

જોકે, લોનનો હપ્તો નહીં ભરાતા ફાઈનાન્સ કંપનીએ ઘરે નોટિસ મોકલી હતી અને દીકરીએ પ્રેમી માટે કરેલા કાંડનો ભાંડો ફૂટયો હતો. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ પિતા દીકરીને લઈને પ્રેમીના ઘરે લઈ ગયા હતા, જ્યાં પ્રેમીએ પૈસા લીધા ન હોવાનું રટણ કર્યું હતું. છેવટે પિતાને અભયમની મદદ માંગવી પડી અને ટીમે દીકરીનું પ્રેમીનું કાઉન્સેલિંગ કરી સમાધાન કરાવ્યું હતું. આ ઘટનામાં દીકરીએ પ્રેમીને પૈસા આપીને મદદ કરી હતી, એ વાતની જાણ પિતાને ખબર નહોતી. પરંતુ જ્યારે ફાઈનાન્સ કંપનીમાંથી રૂ.૭૦ હજાર ભરવાના હોવાની નોટિસ આવી ત્યારે માતા-પિતાએ કોઈ લોન લીધી ન હોવાથી આ નોટિસ કેવી રીતે આવી તે બાબતે તપાસ કરાવી હતી. જે બાદ જાણવા મળ્યું હતું કે, પિતાના નામે દીકરીએ લોન લીધી હતી.

અભયમની ટીમે પ્રેમીનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય માહિતી આપી હતી. બન્ને જણાની પુછપરછમાં સામે આવ્યું હતું કે યુવતીને છેલ્લા વષથી ૨૩ વષર્નાં એક યુવક સાથે પ્રેમસંબંધ હતો. પ્રેમી યુવકની પૈસાની જરૂર હોવાથી તેણે આ કૃત્ય કર્યું હતું. યુવતીએ અભયમની ટીમ સામે સ્વીકાર્યું હતું કે, તેણે પૈસા પ્રેમીને આપ્યા હતા અને ટીમે યુવતીને પણ ઘરમાંથી આ રીતે ચોરી નહીં કરવા સમજાવી હતી.

પ્રેમીને ૭૦ હજાર આપવા માટે યુવતીએ પિતાના ડોક્યુમેન્ટ ચોરીને ફાયનાન્સ કંપનીમાં આપીને પિતાની ખોટી સહી પણ કરી લીધી હતી. પરંતુ લોન એપ્રુવલ માટે પિતાના ફોટાની જરૂર હોવાથી યુવતી તેના પિતાને એક દુકાને ખરીદી કરવાના બહાને લઈ ગઈ હતી. જ્યાં કંપનીના કમર્ચારીને ચોરી છૂપીથી ફોટો ખેંચવા જણાવ્યું હતું.

# નિવૃત ન્યાયમૂર્તિ રંજના દેસાઈના અધ્યક્ષ સ્થાને UCC સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૪

આજે ગાંધીનગર ખાતે નિવૃત ન્યાયમૂર્તિ રંજના દેસાઈના અધ્યક્ષ સ્થાને UCC સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં UCC સમિતિના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના દેસાઈએ ગુજરાતના રહેવાસીઓને UCC અંગે સૂચનો મોકલી આપવા જણાવ્યું હતું.

UCC સમિતિના અધ્યક્ષ નિવૃત ન્યાયમૂર્તિ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પૂર્વે ગુજરાતના રહેવાસીઓ, સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત ગુજરાત સ્થિત સંસ્થાઓ સમાન સિવિલ કાયદા અંગે પોતાના સૂચનો અને મંતવ્યો રજૂ કરી શકે તે માટે ઓનલાઈન પોર્ટલ http:// uccguja®a.in લોન્ચ કરવામાં આવ્યું છે.વધુમાં, લોકોના સૂચનો અને મંતવ્યો તા.૨૪-૦૩-૨૦૨૫ સુધીમાં બ્લોક નં.૧, એ-વીંગ, છઠ્ઠો માળ, કમર્યોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ખાતે ટપાલ મારફત પણ મોકલી શકાશે. આ સમિતિએ આજે રાજ્ય સરકારના વિવિધ આયોગો, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા રાજકીય પક્ષો સાથે ચર્ચા-વિમર્શ કરી તેઓના સૂચનો અને મંતવ્યો મેળવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સમાન સિવિલ કાયદાની આવશ્યકતા ચકાસવા તથા કોડનો મુસદ્દો તૈયાર કરવા નિવૃત ન્યાયમૂર્તિ રંજના દેસાઈના અધ્યક્ષ સ્થાને ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં સી. એલ. મીના, આર. સી. કોડેકર, દક્ષેશ ઠાકર તથા ગીતાબેન શ્રોફનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

### અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ચોંકાનારો કિસ્સો

# અમદાવાદમાં એક લાફાનો બદલો લેવા યુવકે કાંડ કરી નાખ્યો

અમદાવાદ,તા.૪

અમદાવા શહેર નાં ઓઢવ વિસ્તાર માં એસિડ એટેક કરીને પડોશી યુવક ની હત્યા કરનાર આરોપી ની પોલીસ એ ધરપકડ કરી છે. મૃતક યુવક એ વારંવાર થતા ઝઘડાની અદાવત માં તેને લાફો મારી માર મારતા તેણે એસિડ એટેક કર્યો હતો. બાદ માં પોલીસ થી બચવા ફોન ફેંકી દઈ અલગ અલગ જગ્યા એ નાસ્તો ફરતો હતો. જોકે પોલીસે આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હત્યાના આરોપીને દબોચી લીધો છે. જેમા પોલીસની પુછપરછમાં આ કેસમાં અમુક ચોંકાવાનારા ખુલાસાઓ થયા છે.

બનાવની જો વિગતવાર વાત કરીએ તો, અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલ મહાવીર બાગ સોસાયટીમાં જય શક્તિ કોલોની માં આવેલ ઘર માં સૂઈ રહેલા ત્રણ યુવકો પર જ્વલનશીલ પદાર્થ નાખીને કોઈ અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો હતો. જેમાં શ્રવણ ગઢવી નામનો યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો ત્યારે અન્ય બે વ્યક્તિઓને સામાન્ય ઈજા પહોંચી હતી. શ્રવણને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી.પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મૃતક ના રૂમ ની બાજુમાં રહેતો ચંદુ શિહોરા નામનો શખ્સ ફરાર છે. જેથી તેણે જ આ હત્યા કરી હોવાની શંકા પોલીસ ને હતી.આખરે પોલીસ એ તેની ધરપકડ કરતા સમગ્ર ગુના નો ભેદ ઉકેલાયો છે.ચંદુ શિહોરા મૂળ ધાંગધ્રા નો રહેવાસી છે. અને છેલ્લા કેટલાક સમય થી અહીં રૂમ ભાડે રાખી કડિયા કામ કરીને ગુજરાન ચલાવતો હતોય

આરોપી અને મૃતક ને ક્યારેક નાની નાની બાબતો ને લઈને ઝઘડા થતા હતા.જેને લઈને મૃતકે એક દિવસ આરોપી જ્યારે તેની રૂમ પાસે બેઠો હતો ત્યારે લાફો મારીને માર માર્યો હતો. જે બાબત ની અદાવત રાખીને આરોપી એ હત્યા નો પ્લાન ઘડ્યો હતો. પોતે કડિયા કામ કરતો હોવાથી તેની પાસે ટાઈલ્સ સાફ કરવા માટે તેની પાસે એસિડ જેવી કેમિકલ હતું. બનાવ ના દિવસ એ વહેલી સવારે તપેલી માં આ એસિડ કાઢી તેણે મૃતક શ્રવણ પર ફેંક્યો હતો.

### સરકારે નોંધણી નિયમોમાં પણ કેટલાક ફેરફારો કર્યા છે

# જન્મ-મરણનું પ્રમાણપત્ર કઢાવવું હવે પડશે મોંઘુ!

અમદાવાદ,તા.૪

એક તરફ લોકો પર આર્થિક બોજ વધી રહ્યો છે. મોંઘવારીને કારણે લોકો જાણી શકતા નથી કે કઈ વસ્તુઓ મોંઘી થઈ રહી છે.

હવે ગુજરાતમાં જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવવું મોંઘુ બનશે. કારણ કે, સરકારે જન્મ અને મૃત્યુ નોંધણી ફીમાં ૧૦ ટકાનો મોટો વધારો લાગુ કર્યો છે. ૨૭ ફેબ્રુઆરીથી જન્મ-મરણની નોંધણીમાં ફી વધારી દેવાનો નિર્ણય અમલમાં આવ્યો છે.મરણનું પ્રમાણપત્ર બનાવવાની ફી ૫ રૂપિયાથી વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવી છે. જ્યારે જન્મ પ્રમાણપત્ર માટે, જે પહેલા ૧૦ રૂપિયા હતું તેના હવે ૫૦ રૂપિયા ચૂકવવા પડશે.પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત સરકારે જરૂરી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર બનાવવાની ફીમાં વધારો કર્યો છે.

આ ફીમાં વધારો ૧૦ ટકા સુધીનો છે. પહેલા મૃત્યુ પ્રમાણપત્ર બનાવવાની ફી માત્ર ૫ રૂપિયા હતી. જે સીધો વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવ્યો છે. એટલે કે, જન્મ પ્રમાણપત્ર મેળવવા માટે જે પહેલા ૧૦ રૂપિયાનો ખર્ચ થતો હતો, હવે ૫૦ રૂપિયા ચૂકવવા પડશે.આ ઉપરાંત, સરકારે નોંધણી નિયમોમાં પણ કેટલાક ફેરફારો કર્યા છે. જો કોઈ વ્યક્તિ ૩૦ દિવસની સમય મયાર્દા પછી જન્મ કે મૃત્યુ નોંધણી કરાવે છે, તો તેણે હવે લેટ ફી ચૂકવવી પડશે. પહેલા આ લેટ ફી માત્ર ૧૦ રૂપિયા હતી, જેને વધારીને ૫૦ રૂપિયા કરવામાં આવી છે. એટલું જ નહીં, જો નોંધણીમાં એક વષથી વધુ સમય માટે વિલંબ થાય છે, તો ૧૦૦ રૂપિયા ફી ચૂકવવી પડશે. આટલા વિલંબ સાથે નોંધણી કરાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી લેવી પણ ફરજિયાત રહેશે.

### તસ્કરોએ ભગવાનને પણ ના છોડયા

# વડોદરામાં પૌરાણિક કાશી વિશ્વનાથ મંદિરની દાનપેટીઓ ઉઠાવી

વડોદરા,તા.૪

વડોદરા શહેરમાં તસ્કરો આતંક મચાવી રહ્યા છે અને હવે તસ્કરોના આંતકનો શિકાર ખુદ ભગવાન બન્યા છે. હવે તસ્કરોને ભગવાનનો પણ દર રહ્યો ન હોય તેમ મંદિરોને પણ નિશાન બનાવતા ગભરાતા નથી. વડોદરા શહેરમાં પેલેસ રોડ પર આવેલા પૌરાણિક કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં પણ ગઈકાલે મોડી રાત્રો ચોર ત્રાટક્યા હતા. કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના ગર્ભ ગ્રુહમાં મૂકેલી દાન પેટી તોડી નાખી હતી. ચોરની ટોળકી અન્ય મંદિરોમાં પણ ચોરી કરેલ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ આ મામલે તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ચોર ટોળકી મંદિરોને નિશાન બનાવી રહી છે. પૌરાણિક કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં પણ ગઈકાલે મોડી રાત્રે ચોર ત્રાટ ક્યા હતા. કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના ગર્ભ ગ્રુહમાં મૂકેલી દાન પેટી તોડી નાખી હતી. તેમજ નજીકમાં આવેલા સોમનાથ મહાદેવ મંદિર, ગણપતિ મંદિરની તથા હનુમાનજી મંદિરની દાન પેટી તૂટેલી હતી. રાત્રે ૧૧:૩૦ સુધી તો મંદિરમાં ભજન સંધ્યા ચાલતી હતી. સવારે પાંચ વાગ્યે નિત્યક્રમ મુજબ પૂજારી ઉઠ્યા ત્યારે ચોરીની જાણ થઈ હતી. ચોર ટોળકી અંદાજે ૬૫ હજાર રોકડા લઈને ત્યાંથી ભાગી છૂટયા હતા. આ મામલે ટ્રસ્ટી ધનંજય પટેલે નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### વડોદરા શહેરના નોર્થ ઝોનમાં સૌથી વધુ ૧૨૮ દબાણો આવેલા છે

# વડોદરાના ૩૧૪ ધાર્મિક દબાણો તોડી પાડવા પાલિકા દ્વારા કવાયત શરૂ કરાઈ

વડોદરા, તા.૪

વડોદરા શહેરમાં ૩૧૪ સ્થળે ધાર્મિક દબાણો થયેલા છે. આ દબાણો સ્વેચ્છાએ દૂર થાય તે માટે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અનુસાર પાલિકા દ્વારા બેઠકોનો દોર ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં આઠ મિટિંગો યોજાઈ ચુકી છે અને ગુરૂવારે તમામ ધર્મના વડાઓ અને ધાર્મિક સ્થાન સાથે સંકળાયેલા વ્યક્તિઓ સાથે પાલિકાના કેતન જોષી દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

વડોદરા શહેરના નોર્થ ઝોનમાં સૌથી વધુ ૧૨૮ દબાણો આવેલા છે. આ દબાણો પૈકી કેટલાક માલિકીના છે, કેટલાક પાલિકાની જગ્યામાં છે અને કેટલાક ખાનગી જગ્યામાં છે. જેથી આ દબાણો સ્વેચ્છાએ દૂર થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાલિકાની જગ્યામાં છે તેને ખસેડી માલિકીની જગ્યામાં સ્થાપિત કરવામાં આવે, જે માલિકીની જગ્યામાં છે પરંતુ નડતરરૂપ છે તેને પણ અન્ય સ્થળે રિલોકેટ કરવામાં આવે તેમજ જે ગેરકાયદે છે તે કોઈ માલિકીના સ્થળે ખસેડવામાં આવે તો નગર દબાણમુક્ત થાય અને આ ધાર્મિક સ્થળો સાથે જેમની આસ્થા સંકળાયેલી છે તેમને પણ સાચવી શકાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે. ગુરૂવારે યોજાયેલી બેઠકમાં પણ તમામ ધર્મના લોકો સાથે આ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે પૈકી ૭૮ દબાણો રિલોકેટ કરવા માટેની તૈયારી દર્શાવવામાં આવી હોવાનું પાલિકાના ડેપ્યુટી કમિશ્નર કેતન જોષીએ મિડિયાને જણાવ્યું હતું. બેઠકમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

### જીરા સોડા પીવાથી થયેલા મોત મામલો મોટો ખુલાસો

# આપઘાતના ચક્કરમાં શિક્ષકે ત્રણ નિર્દોર્ષને મારી નાખ્યા

ખેડા,તા.૪

ખેડા જિલ્લામાં જીરા સોડા પીવાને કારણે ૩ લોકોના શંકાસ્પદ મોત નિપજ્યા હતા. જેને લઈને પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

જોકે હવે આ મામલે ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. જેમા ૩ લોકોના મોત કેવી રીતે થયા તેનો ખુલાસો થઈ ગયો છે. ગત ૯ ફેબ્રુઆરીના રોજ ૩ લોકોના જીરા સોડા પીવાને કારણે મોત થયા હતા.આ મામલે પોલીસ પણ વિચારમાં મુકાઈ ગઈ હતી કે જીરું સોડા પિવાથી કોઈના મોત કેવી રીતે થાય.

પોલીસે આ મામલે બોટલોના સેમ્પલ લીધા અને એફએસએલમા મોકલ્યા હતા.

સમગ્ર મામલે એવી માહિતી સામે આવી છે કે જે સોડા મૃતકોએ પીધી હતી તે જીરાસોડામાં સોડિયમ નાઈટ્રાઈટ પોઈઝન હતું. સમગ્ર મામલે પોલીસ દ્વારા જે તે સમયે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ મામલે પોલીસ છેલ્લા કેટલાય દિવસોથી તપાસ કરી રહી હતી. જેમા પોલીસ દ્વારા આ મામલે અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવી રહી હતી. જેમા આરોપી ઝડપાઈ ગયો છે અને તેની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસાઓ થયા છે.

પોલીસે આપેલ માહિતી મુજબ મરણ થનાર કનુંભાઈ ચૌહાણના પાડોશમાં રહેતા સરકારી શિક્ષકે આ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. હત્યા કરનાર પાડોશી આર્થિક અને માનસિક રીતે કંટાળી ગયો હતો.

જેથી અખતરો કરવા માટે તેમણે સોડિયમ નાઈટ્રાઈટમાં જીરા સોડા ભેળવીને આપી હોવાની માહિતી સામે આવી છે. આરોપી છેલ્લા ૨૦ વષથી શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

આરોપીએ ઓનલાઈન સોડિયમ નાઈટ્રેટ મંગાવ્યું હતું અને આપઘાત કરવો હતો જેથી ઈન્શ્યોરન્સ કંપની દ્વારા તકેના પરિવારને રૂપિયા મળે. તેને સુસાઈડ કરવી હતી તેવું તેણે તેની પત્નીને પણ કહ્યું હતું. જોકે પત્નીએ તેને સમજાવ્યો હતો. પત્નીએ સોડિયમ નાઈટ્રેટ ફેકી દીધું પરંતુ આરોપીએ થોડુંક કાઢીને રાખ્યું અને પાડોશમાં રહેતા કનુભાઈ પર તે સોડિયમ નાઈટ્રેટ પિવડાવાનો અખતરો કર્યો.

કનુભાઈ આરોપીની પાડોશમાં રહેતા હતા અને તેઓ બોલી શકતા ન હતા સાથેજ સાંભળી પણ નહોતા શકતા. જેથી આરોપીને થયું કે જો હું આમને સોડિયમ નાઈટ્રેટ પિવડાવીશ તો કોઈને તેઓ કહી પણ નહી શકે. જોકે કનુભાઈએ તેમની સાથે અન્ય બે લોકોને પણ તે સોડિયમ નાઈટ્રેટ વાળી જીરાસોડા પિવડાવી હતી. જેથી કનુંભાઈ સહિત તે બંન્ને લોકોના પણ આ મોત થયા હતા. લોકોને તે સમયે એવું જ હતું કે જીરાસોડા પિવાથી આ લોકોના મોત થયા પરંતું તે સમયે કોઈને સપને પણ ખ્યાલ ન હતો કે આરોપીએ આટલું મોટું શડયંત્ર રચ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આરોપી અગાઉ સામે અગાઉ પાટણમાં પણ ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે.

અગાઉ સરખેજમાં જે ભુવા વાળો કેસ બન્યો હતો તેને લઈને શિક્ષકે આ સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કર્યો હતો. જેથી તે પોતે આ રીતે સુસાઈડ કરે તો વિમા કંપની દ્વારા કોઈ પણ પ્રકારનું ઓબ્જેકશન ઉઠાવી ન શકે અને તેના પરિવારને વિમા કંપની દ્વારા સારી એવી રકમ મળે તેને લઈને તેણે સોડિયમ નાઈટ્રેટ મંગાવ્યું જેનો અખતરો તેણે પહેલા પાડોશી પર કર્યો હતો. આ બનાવને લઈને હાલ જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સાથેજ લોકો પણ નવાઈ પામી ગયા છે

અવિનાશે અદિતિ રાવ હૈદરી સાથે ઈમ્તિઆઝ અલીની સિરીઝનું કામ શરૂ કર્યુ

# એક્ટિંગ હવે પૈસાવાળાનો ધંધો, કળા રહી નથી રહી: અવિનાશ

## ધ મહેતા બોય્ઝ પછી હવે અવિનાશ તિવારી અદિતિ રાવ હૈદરી સાથે ઈમ્તિઆઝ અલીની સિરીઝમાં કામ કરી રહ્યો છે


(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૪

અવિનાશ તિવારીએ ફિલ્મોમાં શરૂઆત તો જોરદાર કરી હતી, તેણે ઈમ્તિઆઝ અલીની 'લૈલા મજનુ' જેવી ફિલ્મો સાથે કેરિરની શરૂઆત કરી હતી. પછીથી એ ઓટીટી માટેનો સફળ કલકાર બની ગયો. તાજેતરમાં જ તેની બીજી એક ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ છે, 'ધ મહેતા બોય્ઝ' જે બોમન ઈરાની દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.

આ પહેલાં તેણે 'સિકંદર કા મુકદ્દર'માં પણ જોરદાર અભિનય કર્યો હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે ફિલ્મોની દુનિયા અને અભિનય અંગે વાત કરી હતી.

અવિનાશ તિવારીએ કહ્યું, ''પાંચ દિવસ તમને સારું લાગે છે અને પછીના દસ દિવસ તમને એવું લાગે કે આવું તે કંઈ જીવન હોય. ફરી પાંચ દિવસ એવા જાય કે તમને લાગે, વાહ આને જીવન કહેવાય. મારું જીવન હંમેશા આવું જ રહ્યું છે.''છેલ્લાં દસ વર્ષમાં ઘણી મહેનતથી અવિનાશ તિવારીએ પોતાનું એક સ્થાન બનાવ્યું છે. ત્યારે પોતાના કામમાં આવેલાં પડકારો વિશે અવિનાશ કહે છે, ''એક્ટિંગ સિવાય આ કામમાં જે પણ જોડાયેલું છે એ બધું જ મારા માટે ચૅલેન્જિંગ છે. તમારે એક મહિનામાં દસ ઈવેન્ટમાં હાજર રહેવાનું હોય તો એમાં ક્યા કપડાં પહેરવા એ જ મારા માટે માથાનો દુઃખાવો છે. તેના માટે તમે એક ટીમ રાખો અને એ તમારા આસપાસના માહોલમાં વહી જાય અને તમારા માટે તમારી ઓળખ જાળવી રાખવાનું મુશ્કેલ બની જાય.





તમારે તમારી ખરી ઓળખ જાળવી રાખવું એ બધો પૈસાનો ખેલ બની ગયો છે. બધું જ પૈસાથી ચાલે છે, એક્ટિંગ હવે એક અમીર માણસનો બિઝનેસ બની ગયો છે. આ હવે માત્ર એક કળા અને કૌશલ્ય નથી રહી, એક બિઝનેસ બની ગઈ છે. આ બધું મારા માટે ચૅલેન્જિંગ છે.''ધ મહેતા બોય્ઝ પછી હવે અવિનાશ તિવારી અદિતિ રાવ હૈદરી સાથે ઈમ્તિઆઝ અલીની સિરીઝમાં કામ કરી રહ્યો છે. જેમાં તેની સાથે અર્જૂન રામપાલ અને અહેસાસ ચન્ના જેવા કલાકારો પણ છે. ૨૫ ફેબ્રુઆરીથી આ સિરીઝનું શૂટ શરૂ થઈ ચૂક્યું છે. આ સિરીઝની વાર્તા અંગે હજુ ખાસ માહિતી નથી પરંતુ આ એક ઈમોશનલ એક્સ્ટ્રા મેરીટલ અફેરની સ્ટોરી હશે. જેનું નામ 'ઓ સાથી રે' આપવામાં આવ્યું છે અને આ સિરીઝ નેટફ્લિક્સ પર આવશે. તેમાં જુના જમાનાના લોકોની મોડર્ન સ્ટોરી છે.આ ફિલ્મ વિશે ઈમ્તાઆઝ અલીએ કહ્યું, ''આ ફિલ્મની વાર્તાએ દરેક પડાવ પર મને આશ્ચર્ય પમાડ્યું છે. સ્ટોરી આજની હોવા છતાં તેની લાગણીઓ અનંત છે. નેટફ્લિક્સે આ કાલ્પિક વાર્તાને સ્વરુપ આપવાનું શક્ય બનાવ્યું છે.''

મને ખબર નહીં હું ક્યારેય કરી શકીશ : અનન્યા

# મને ૫૦-૬૦ના દાયકાના એક્ટર બનવાની ઈચ્છા છે:અનન્યા પાંડે

## અનન્યા પાંડેએ ૨૦૧૯માં 'સ્ટુડન્ટ ઓફ ધ યર' સાથે પોતાની શરૂઆત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૪

અનન્યા પાંડેએ ૨૦૧૯માં 'સ્ટુડન્ટ ઓફ ધ યર' સાથે પોતાની શરૂઆત કરી હતી, ત્યારથી તેણે માસાલા ફિલ્મ્સથી લઈને 'ગહેરાઈયાં' પછી 'જસ્ટ કોલ મી બૅ' અને 'સીટીઆરએલ' જેવી ઓટીટી ફિલ્મ અને સિરીઝમાં યાદગાર રોલ કર્યા છે. તાજેતરમાં વોગ દ્વારા તેનું એક અલગ પ્રકારનું ઈન્ટરવ્યુ કરવામાં આવ્યું હતું. જેમાં અનન્યાનાં નજીકના લોકોએ અનન્યાને પ્રશ્નો પૂછ્યા હતા. તેમાં શનાયા કપૂર, મહિપ કપૂર, ચંકી પાંડે, સુહાના ખાન, શકુન બત્રા, અમિત અગ્રવાલ, રાઈસા પાંડે અને નવ્યા નંદા સહિતના લોકોએ તેને પ્રશ્નો પૂછ્યા હતા. શનાયા કપૂરના પ્રશ્નના જવાબમાં અનન્યાએ કહ્યું, ''મને એવી ઘણી નાની નાની ક્ષણો મળી છે, જ્યારે મને લાગ્યું હોય તે મેં હવે કરી બતાવ્યું, પરંતુ એવો કોઈ મોટો પ્રસંગ બન્યો નથી કારણ કે હું સંતોષ માનીને બેસી જવા માગતી નથી.



સ્કૂલમાં પણ હું મહેનતુ હતી અને હંમેશા પહેલી બેંચ પર બેસતી અને ટીચર્સને ગમતી વિદ્યાર્થીની હતી - તું અને સુહાના તો જાણો જ છો. પરંતુ એમાં બીજાને હરાવવાની ભાવના ઓછી અને પહેલાં કરતાં વધુ સારું કામ કરવાની ભાવના વધુ રહેતી. જ્યારે મેં પહેલી ફિલ્મ કરી ત્યારે કે પછી મને પહેલો ફિલ્મફેર એવોર્ડ મળ્યો ત્યારે મને લાગેલું કે, ''મેં કશુંક મેળવી લીધું.'' પરંતુ હંમેશા આગળ શું કરવું એ વિચાર રહ્યો છે. હું ખરેખર નથી ઈચ્છતી કે મને ક્યારેય એવો વિચાર આવે કે મેં હવે કશુંક મેળવી લીધું છે.''આ ઈન્ટરવ્યુમાં કોલિન ડી' કુન્હાએ તેને કેવું પાત્ર ભજવવાની ઈચ્છા છે, એવું પૂછ્યું હતું. જેના જવાબમાં અન્નયાએ કહ્યું કે તેને 'કબી ખુશી કભી ગમ'ની પૂ, 'જબ વી મેટ'ની ગીત તેના દિલથી નજીક છે. તેને આ ફિલ્મોમાં કરેલાં કરીના રોલનો એક ટકા રોલ પણ કરવા મળે તો મજા પડશે. આ સિવાય તેને કરીનાનો 'ચમેલી'નો રોલ અને કોંકણા સેન શર્માનો 'લક બાય ચાન્સ' અને 'યે જવાની હે દિવાની'નો દીપિકાનો રોલ બહુ ગમે છે. જ્યારે શકુન બત્રા દ્વારા પોતાના ડ્રિમ રોલ વિશે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં અનન્યાએ કહ્યું, ''મને કોઈ બાઓપિકમાં કામ કરવું ગમશે. મને નથી લાગતું હું ક્યારેય આવું કરી શકીશ કે નહીં પણ મને જૂના જમાનાના કલાકારોના જેમકે ૫૦-૬૦ના દાયકામાં મધુબાલા, મીના કુમારી અને વહીદા રહેમાન જેવા રોલ કરવા બુ જ ગમશે.''

મેં મારી મમ્મીને આટલી ખુશ ક્યારેય જોઈ નથી : પ્રિતી

# પ્રીતિ ઝિન્ટા માતા સાથે પહોંચી કાશી વિશ્વનાથ મંદિર

## પ્રીતિની લોકપ્રિય ફિલ્મોમાં 'કલ હો ના હો', 'સોલ્જર', 'ચોરી ચોરી ચૂપકે ચુપકે' અને 'સંઘર્ષ' જેવી લોકપ્રિય ફિલ્મોમાં કામ કર્યુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૪

બોલીવુડની અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ તાજેતરમાં પ્રયાગરાજમાં મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યા બાદ તેની માતા નીલપ્રભા ઝિન્ટા સાથે મહાશિવરાત્રી નિમિત્તે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત શેર કરી હતી.

પ્રીતિ ઝિન્ટા માતા સાથે મંદિર પહોંચી હતી, પરંતુ એ દિવ્ય અનુભવને તાજેતરમાં શેર કરતા મહત્ત્વની વાત જણાવી હતી.વીઆઈપી સેવાઓ નહીં હોવાથી પ્રીતિએ ઓટો-રિક્ષા, સાઈકલ રિક્ષાનો ઉપયોગ કર્યો હતો. આજે પ્રીતિએ એક્સ પર લખ્યું હતું કે તેની યાત્રાના ફોટા અને વીડિયો પોસ્ટ કર્યા હતા અને સાથે તેણે પ્રયાગરાજથી વારાણસી સુધીની ડ્રાઈવ દરમિયાન રસ્તાઓ પર ભીડને કારણે વાહનોને કેવી રીતે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા એના અંગે જણાવ્યું હતું. જોકે, પાછા ફરવાને બદલે પ્રીતિ અને તેની માતાએ જાહેર પરિવહનનો ઉપયોગ કરીને ભક્તો સાથે પગપાળા મુસાફરી ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું.




આ પ્રવાસ ખૂબ સાહસિક રહ્યો હતો. મારી મમ્મી શિવરાત્રી માટે વારાણસીમાં અમારો મહાકુંભનો પ્રવાસ પૂરો કરવા માગતી હતી, તેથી હું તેને લઈને કાશી ગઈ હતી. અમે ત્યાં પહોંચ્યા પછી અમને જાણવા મળ્યું કે ભારે ભીડને કારણે કારની એન્ટરીને મંજૂરી આપવામાં આવતી નહોતી અને રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા હતા, જેથી લોકો કાશી વિશ્વનાથ મંદિરમાં ચાલીને દર્શન કરી શકે, તેથી અમે કાર, ઑટો-રિક્ષાથી લઈને સાઈકલ રિક્ષા સુધી અમે આ બધાનો અનુભવ લીધો, અમે ભીડમાં પણ ચાલ્યા હતા.બોલીવુડ સેલિબ્રિટીએ VIP વિશેષાધિકારો વિના મંદિરમાં આરતીમાં હાજરી આપી હતી. માત્ર એક ઝલક જોવા છતાં પ્રીતિ ઝિન્ટાએ સમગ્ર અનુભવની જોરદાર પ્રશંસા કરી હતી અને પોતાની જિંદગી માટે સકારાત્મક સંકેત ગણાવ્યા હતા.પ્રીતિએ વધુમાં જણાવ્યું હતું કે મેં મારી મમ્મીને આટલી ખુશ ક્યારેય જોઈ નથી. તે ગ્લો કરતી હતી. તેને જોઈને મને સમજાયું કે સૌથી મોટી સેવા ભગવાનની નહીં પણ આપણા માતા-પિતાની છે. દુઃખની વાત એ છે કે જ્યારે આપણે માતા-પિતા બનીએ ત્યારે જ આપણે તેમની કિંમત સમજીએ છીએ.પ્રીતિએ તેના પતિ, લોસ એન્જલસ સ્થિત નાણાકીય વિશ્લેષક જીન ગુડઈનફ સાથે જોડિયા બાળકો છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો પ્રીતિ રાજકુમાર સંતોષીની લાહોર ૧૯૪૭ સાથે સિલ્વર સ્કીન પર પરત ફરવા માટે તૈયાર છે. પ્રીતિની લોકપ્રિય ફિલ્મોમાં 'કલ હો ના હો', 'સોલ્જર', 'ચોરી ચોરી ચૂપકે ચુપકે' અને 'સંઘર્ષ' જેવી લોકપ્રિય ફિલ્મોમાં કામ કર્યુ છે.

માતાએ કરી નાખ્યું રિવીલ

# પિતાના નિધનના છ દિવસ પછી પ્રિયંકાએ પાર્ટીનું કર્યું હતું આયોજન

## પ્રિયંકા ચોપરાની માતા મધુ ચોપરાએ પ્રિયંકાની આગામી ફિલ્મ અને તેના જીવનના મુશ્કેલ તબક્કા વિશે ચોંકાવનારી વાત કરી

મુંબઈ, તા.૪

બોલિવૂડની સેન્સેશનલ બ્યુટી પ્રિયંકા ચોપરા હવે બોલીવુડ બાદ હોલીવુડ ઈન્ડસ્ટ્રી પર રાજ કરી રહી છે. પ્રિયંકા ઘણી મુશ્કેલીઓ અને પ્રયત્નો પછી સફળતાના શિખરે પહોંચી છે. પ્રિયંકા હવે ઈન્ટરનેશનલ સ્ટાર બની ગઈ છે. આ દિવસોમાં પ્રિયંકા તેની આગામી ફિલ્મને લઈને ચર્ચામાં છે. અભિનેત્રી એસએસ રાજામૌલીની 'જીજીસ્મ ૨૮'માં સાઉથના સુપરસ્ટાર મહેશ બાબુ સાથે જોવા મળશે. પ્રિયંકાના ચાહકોને આ ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. અભિનેત્રી લાંબા સમય બાદ ભારતીય ફિલ્મમાં જોવા મળશે, જેનું શૂટિંગ હાલ હૈદરાબાદમાં ચાલી રહ્યું છે.દરમિયાન, પ્રિયંકા ચોપરાની માતા મધુ ચોપરાએ પ્રિયંકાની આગામી ફિલ્મ અને તેના જીવનના મુશ્કેલ તબક્કા વિશે ચોંકાવનારી વાત કરી હતી. મધુ ચોપરાએ કહ્યું હતું કે તેમના જીવનના વિવિધ પાસાઓ વિશે વાત કરી. તેમણે તેના પતિ અશોક ચોપરાના મૃત્યુ વિશે પણ દિલ ખોલીને ચર્ચા કરી અને જણાવ્યું હતું કે કેવી રીતે પ્રિયંકાએ તેના પિતાના મૃત્યુના ૬ દિવસ પછી તેની માતા મધુ ચોપરા માટે જન્મદિવસની પાર્ટીનું આયોજન કર્યુ હતું.મધુ ચોપરાએ જણાવ્યું કે જ્યારે તેમના પતિ અને



પ્રિયંકાના પિતા અશોક ચોપરાનું નિધન થયું ત્યારે તેમનો પરિવાર દુઃખી થઈ ગયો હતો. પરંતુ, દુઃખની આ ઘડીમાં પણ પ્રિયંકા તેની માતા અને ભાઈની પડખે ઊભી હતી. એટલું જ નહીં, તેણે તેના માટે જન્મદિવસની પાર્ટી પણ યોજી હતી, જેમાં તેણે જોન અબ્રાહમને પણ આમંત્રણ આપ્યું હતું. જહોને આ પાર્ટીમાં હાજરી આપી હતી.મધુ ચોપરાએ કહ્યું હતું કે તેમના પતિનું મૃત્યુ ૧૦ જૂન ૨૦૧૩માં થયું હતું અને મારો જન્મદિવસ ૧૬ જૂને છે. હું ૬૦ વર્ષની થઈ હતી અને તેઓએ મારા માટે એક મોટી પાર્ટીનું આયોજન કર્યું હતું. તેમની બીમારીના કારણે આખો પરિવાર ત્યાં પહેલેથી જ હાજર હતો. તેમના નિધન પછી અમે શોકમાં હતા, પરંતુ પ્રિયંકાએ આગ્રહ કર્યો હતો કે અમે પાર્ટી રાખીએ અને બધાને રોકાઈ જવા પણ આગ્રહ કર્યો હતો

આ ફિલ્મની સમગ્ર કાસ્ટ પ્યોર મેજિક છે

# અભિષેકની ફિલ્મ 'બી હેપ્પી' ૧૪ માર્ચે ઓટીટી પર રિલીઝ થશે

મુંબઈ, તા.૪

અભિષેક બચ્ચનની અનોખા વિષય પરની ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક' એમેઝોન પ્રાઈમ પર આવી હતી. હવે તેની વધુ એક ફિલ્મ 'બી હેપ્પી' પ્રાઈમ વીડિયો પર રિલીઝ થવા જઈ રહી છે. બોલિવૂડના જાણીતા કોરિયોગ્રાફર રેમો ડિસોઝાની પત્ની લીઝેલ દ્વારા રેમો ડિસોઝા એન્ટરટેઈન્મેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અંતર્ગત આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે. જેમાં પરિવારની, સપનાઓની તાકાતની અને પ્રેમની કોઈ પણ સ્થિતિમાં ટકી રહેવાની વાત છે. આ ફિલ્મમાં અભિષેક સાથે નોરા ફતેહી ઈનાયત વર્મા મહત્વના રોલમાં છે, આ ઉપરાંત નાસર, જહોની લિવર અને હરલીન સેઠી પણ છે. આ ફિલ્મમાં અભિષેક ફરી એક વખત શિવ નામના એક સિંગલ ફાધરનો રોલ કરે છે,




જેના તેની દિકરી ધારા સાથે મજબુત અને આનંદી સંબંધ છે. ધારાનું સપનું એક દિવસ દેશના સૌથી મોટા ડાન્સ રિયાલિટી શોના સ્ટેજ પર પર્ફોર્મ કરવાનું છે. પરંતુ અચાનક એક એવી મુશ્કેલી આવી પડે છે કે તેનું આ સપનું તૂટી જાય છે, ત્યારે શિવ સામે એક અશક્ય નિર્ણય લેવાની સ્થિતિ આવી પડે છે. ત્યારે પોતાની દિકરીના સપનાને જીવંત રાખવા માટે તે દૃઢ નિશ્ચય લે છે અને એક સફર શરૂ કરે છે. તેમાં તેની સામે નવા પડકારો આવે છે અને તે પોતાની જાતના નવા પાસાઓ પણ જાણે છે. આ સફરમાં તેને જીવનમાં ખુશીનો નવો અર્થ પણ સમજાય છે. રેમો ડિસોઝાએ આ અંગેના નિવેદનમાં કહ્યું, ''મારા અને લિઝેલ માટે, બી હેપ્પી એક પેશન પ્રોજેક્ટ છે. જે સંગીત અને ડાન્સ દ્વારા પિતા ને પુત્રી વચ્ચેનો અનોખો અને મજબુત સંબંધ દર્શાવે છે. આ એવો સંબંધ છે જે યુનિવર્સિલ છે અને તેને કોઈ સંસ્કૃતિ કે દેશનું બંધન નડતું નથી.

બિપાશા બાસુના કારણે મીકાની ફિલ્મનું બજેટ બગડ્યું

# જવાબદારી લેવામાં ખચકાટ અનુભવે તેવા લોકોથી દુર રહેવું: બિપાશા

મુંબઈ, તા.૪

મીકા સિંહે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર પર ગુસ્સો કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે તેમની ફિલ્મ 'ડેન્જરસ'નું બજેટ ૪ કરોડ રૂપિયાથી વધીને ૧૪ કરોડ રૂપિયા થઈ ગયું હતું.

બિપાશાએ પણ ઈન્સ્ટાગ્રામ પર ગાયકને યોગ્ય જવાબ આપ્યો છે.મીકા સિંહે થોડા દિવસો પહેલા પોતાની ફિલ્મ 'ડેન્જરસ' વિશે વાત કરી હતી, જેમાં તેણે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર પર કટાક્ષપૂર્ણ ટિપ્પણી કરી હતી. તેણે અભિનેત્રી પર ગુસ્સો કરવાનો આરોપ લગાવ્યો. એવું કહેવામાં આવ્યું હતું કે આ કારણે ફિલ્મનો ખર્ચ ૧૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. તેમણે એમ પણ કહ્યું કે અભિનેત્રી હવે કામ વગર ઘરે બેઠી છે. હવે



અભિનેત્રીએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે યોગ્ય જવાબ આપ્યો છે.

બિપાશા બાસુએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી. આમાં તેમણે લખ્યું, 'ઝેરી લોકો અરાજકતા પેદા કરે છે, આંગળી ચીંધે છે, બીજા પર દોષારોપણ કરે છે અને જવાબદારી લેવામાં શરમાય છે.' વાતાવરણ બગાડનારા અને નકારાત્મકતા ફેલાવનારા લોકોથી દૂર રહો. ભગવાન બધાનું ભલું કરે.મિકાએ વધુમાં ઉમેર્યુ હતું કે, 'શૂટિંગ લંડનમાં થયું હતું અને બજેટ ૪ કરોડ રૂપિયાથી વધીને ૧૪ કરોડ રૂપિયા થયું હતું.' અને બિપાશાએ નાટકીય રીતે રજૂ કર્યું કે મને આ નિર્માણમાં આવવાનો હંમેશા અફસોસ રહેશે.

શૂટિંગ લંડનમાં થયું હતું. હવે તેઓ એક યુગલની ભૂમિકામાં હતા. તે પતિ-પત્ની ફિલ્મ હતી. તો સ્વાભાવિક છે કે તેમાં કિસિંગ સીન હશે. દિગ્દર્શક-લેખકે બધું જ અજમાવ્યું પણ બિપાશાએ છેલ્લી ઘડીએ ના પાડી. આ પછી ડબિંગ દરમિયાન બિપાશાએ મને ખૂબ દુઃખી કરી દીધો, બિપાશાને ગળામાં દુખાવો છે - કરણને ગળામાં દુખાવો છે. કોઈક રીતે ફિલ્મ પૂર્ણ થઈ અને રિલીઝ થઈ પણ તેને મોટું નુકસાન થયું.

# સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્લ્ડ હીયરિંગ ડે ૨૦૨૫ ની ઉજવણી

■ સુરત, તા. ૦૪

૩ માર્ચ ૨૦૨૫-વર્લ્ડ હીયરિંગ ડે ૨૦૨૫ ના અવસરે સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરકારી અને ખાનગી સંસ્થાઓના સહયોગથી મોટા પાયે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું જે નવજાત શિશુ હિયરીંગ સ્ક્રીનિંગ, શોર-પ્રેરિત હિયરીંગ વોસની રોકથામ અને સવામત સાંભળવાની મહત્વતા પર કેન્દ્રિત હતું. હિયરીંગ હેલ્થ પત્યે અણગમતું વર્તન જોખમી સાબિત થઈ શકે છે. નવજાત શિશુ હિયરીંગ સ્ક્રીનિંગ દ્વારા સમયસર બોવચાવ, ભાષા અને માનસિક વિકાસ સુનિ?ત કરી શકાય છે. અનડિટેક્ટેડ હિયરીંગ વોસ શૈક્ષણિક અને સામાજિક જીવનમાં અવરોધ ઉભા કરે છે. અને વાંબા ગાળે જોબ અપોર્ચ્યુનિટીઝ માટે પણ જોખમ ઉભું કરે છે. સ્વરસંગ્યા ઘેરીટેબલ ટ્રસ્ટ વર્ષોથી હિયરીંગ હેલ્થ માટે કાર્યરત છે, અને દરેક બાળક માટે સમાન તક સુનિશ્ચિત કરવા માટે કાર્યરત છે. આજના યુગમાં હેડફોન, પર્સનવ ઓડિયો ડિવાઈસ અને શોરવાળા વાતાવરણના વધતા ઉપયોગને કારણે શોર પેરિત હિયરીંગ લોસ













એક ગંભીર સમસ્યા બની છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) લોકોમાં સવામત સાંભળવાની ટેવ વિકાસિત કરવાની સપાહ આપે છે.

આ અભિયાનમાં ધ્યાન આપવામાં આવ્યું

- હેડફોનનો સવામત ઉપયોગ - વોલ્યુમ 60% કરતા ઓછું રાખવું અને નિયમિત બ્રેક લેવી.

- વાંબા સમય સુધી હેડફોનનો ઉપયોગ - સતત ઉંચા અવાજથી કાળમાં કાયમી નુકસાન થાય છે. જે રોજિંદા જીવન અને મનોવિજ્ઞાનને અસર કરે છે.

- હિયરીંગ વોસ અને રોજગાર તકો - અજાણતા હિયરોંગ ગોસવાળા લોકોને શિક્ષણ અને કારકિર્દીમાં પુરકેલીઓનો સામનો કરવો પડે છે.

` કાન માટે સુરક્ષાત્મક ઉપકરણો-ઈયરપ્લગ્સ અથવા નોઈઝ-કેન્સવિંગ હેડફોનનો ઉપયોગ ઉદ્યોગો, ટ્રાફિક અથવા મ્યુઝિક ઈવેન્ટ્સમાં કાનનું રક્ષણ કરવા માટે અનિવાર્ય છે.

એક નાનકડી જાગૃતિ, હજારો જીવ બચાવી શકે!

આજે એક નાનકડું પગવું ભવિષ્યમાં મોટો ફેરફાર કરી શકે છે. સ્વરસંગ્યા ચેરીટેબવ ટ્રસ્ટ વિશ્વાસ રાખે છે કે જાણકારી અને સમયસર સારવાર દ્વારા સાંભળવામાં તકલીફભોગવતા બાળકો અને લોકોનું ભવિષ્ય સુધારી

`સમાંતરે અને સવામત વોલ્યુમ પર સાંભળવાથી હિયરીંગ વોસ ટાળી શકાય છે! છે ચાવી હામણી સુરક્ષિત રાખીએ, જાગૃતિ વાવીએ અને એક ફેરફાર વાવીએ!

# નિવૃત તલાટી અમૃત ટેલર ગાર્ડિયન એન્જલ એવોર્ડથી સન્માનિત

■ કડોદ, તા. ૦૪

,વિસાલવિન ફાઉન્ડેશન દ્વારા વિશેષ જરૂરિયાતના ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન બદલ સાંકરી તા. બારડોલીથી નિવૃત્ત થયેલ તલાટી તથા દરજી જ્ઞાતિ સેવા મંડળના માજી ટ્રસ્ટી અમૃતભાઈ એન. ટેલરનું ગાર્ડિયન એન્જલ એવોર્ડ-૨૦૨૫થી વરાછા, સુરત ખાતે સન્માન કરવામાં આવ્યું હતું.




અમૃતભાઈ ટેલરે દિવ્યાંગોની સેવા ઉપરાંત વિવિધ સામાજિક સેવા જેવી કે અનાજ વિતરણ, વિધવા બહેનોને સહાય, વયવંદના, સંકટ મોચક યોજના, સાધન સહાય, આયુષ્માન કાર્ડ જેવી સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને અપાવાનું કાર્ય નિઃસ્વાર્થ ભાવે ગામેગામ ફરી કરી રહ્યા છે.તેમણે અનેકોના જીવનમાં ઉજાસ પાથરવાનું કાર્ય કર્યું છે અને તેમની સેવાકીય -વૃત્તિ હાલ પણ ચાલુ છે.

# વાઈનયાર્ડ અલ્ટ્રા મેરેથોન વાઈનયાર્ડ્સ

■ સુરત, તા. ૦૪

વાઈનયાર્ડ અલ્ટ્રા મેરેથોન વાઈનયાર્ડ્સ દ્વારા ધૂળવાળા, પથરાળી, કુદરતી રસ્તાઓ પર એન્ડ ખેતીની જમીનમાં ફળો શાકભાજી ઉગડતા લોકો વચ્ચે આપોજિત કરવામાં આવી હતી, ત્યાં દિવસ દરમ્યાન ૩૨ - ૩૭ ડિગ્રી તાપમાનમાં તીવ્ર ગરમી સાથે તાપમાનમાં ફેરફાર સાથે, રાત્રે તાપમાન ૧૦-૧૨ ડિગ્રી ઘટીને રાહત અનુભવાય એવી સહનશક્તિ, ઘેરાવો અને નિ?યની કસોટી માંગી લે એવી સ્થિતિમાં આ ઈવેન્ટ થઈ હતી. આ વાઈનયાર્ડ અલ્ટ્રા મેરેથોન ત્વ્ સર્ટિફાઈડ ઈવેન્ટ છે.જે બ્લુબ્રિગેડ સ્પોર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. આ ફાઉન્ડેશનની રચના લોકોને લાંબા અંતરની દોડમાં તાલીમ આપવા માટે કરવામાં આવી હતી.




હાલમાં પુણેમાં ૮ તાલીમ સ્થાનો છે.આ અલ્ટ્રા મેરેથોનમાં સુરતના દોડવીરોએ સારો ઉત્સાહ બતાવી જુદી જુદી કેટેગરીમાં ભાગ લીધો હતો.

જેમાં ૧૦૦કિમી, ૧૬૧કિમી ની મેરેથોન કેટેગરીમાં ભાગ લીધો હતો આ કેટેગરીમાં પણ સંપૂર્ણ મેરેથોન પૂરી કરવા માટે પણ ટાઈમ પીરીયડ હતો. જેમાં ૧૬૧કિમી પૂર્ણ કરવા માટે ૩૦ કલાક આપ્યા હતા. ૧૦૦કિમી પૂર્ણ કરવા માટે ૨૦ કલાક આપ્યા હતા. એમાં પણ પ્રત્યેક રેસમાં વચ્ચેના કિમી માટે cut-off ટાઈમ હતો. પહેલા ૫૦ કિમી ૮ કલાકમાં, ૭૫ કિમી ૧૪ કલાકમાં, ૧૦૦ કિમી ૨૦ કલાકમાં પૂર્ણ કરવાનું હતું, જેમાં આપણા સુરતના રોશન જીતેન્દ્રભાઈ પટેલ એ ૧૦૦ કિમી ની અલ્ટ્રા મેરેથોનમાં ભાગ લઈ ૧૯ કલાક ૧૫ મિનિટમાં તથા દિનેશ અરવિંદભાઈ પટેલ ૿ અર્પણ દશરથસિંહ ઝાલા એ ૧૬૧ કિમીમાં ભાગ લઈ ૨૯ કલાક ૧૬ મિનિટમાં પોતાના ણૂચ્દ઼-ૹ ટાઈમ સાથે પૂર્ણ કરી. સુરતનું નામ રોશન કર્યું છે.

# લ્ઘ્ધ્ત્ના વુમન આંત્રપ્રિન્યોર સેલની મહિલા સાહસિકોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી

સુરતઃ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રન્િન્યોર સેલની મહિલા સાહસિકોએ તાજેતરમાં જ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સાથે મુલાકાત કરી હતી. ચેમ્બરના આ પ્રતિનિધિ મંડળમાં માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, ગૃપ ચેરમેનો શ્રી ભાવેશ ટેલર અને શ્રી કિરણ ઠુમ્મર, વુમન આંત્રન્િન્યોર સેલના એડવાઈઝર શ્રીમતી સ્વાતિ શેઠવાલા અને ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહ તથા કો-ચેરપર્સનો સુશ્રી બીના ભગત અને સુશ્રી અંકિતા વાળંદ સહિત ટેક્ષ્ટાઇલ, જ્વેલરી, આર્કિટેકટ, આઇટી, હોસ્પિટાલિટી અને વકીલાત ક્ષેત્રની સાથે સંકળાયેલી ૨૫ જેટલી મહિલા સાહસિકોનો સમાવેશ થાય છે.

ચેમ્બરના વુમન આંત્રન્િન્યોર સેલની મહિલા સાહસિકો દ્વારા બિઝનેસમાં આગળ વધવા માટે



તેમજ ગુજરાતના વિકાસમાં યોગદાન આપવા હેતુ કઇ દિશામાં -યાસ કરવા જોઈએ તેના વિષે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મહિલા સાહસિકોને બિઝનેસની સાથે સાથે સમાજમાં મહિલા સશકિતકરણની દિશામાં -યાસ કરવાની હાંકલ કરી હતી, જેમાં ખાસ કરીને મહિલાઓને પગભર થવા માટે નાના નાના ગૃહ ઉદ્યોગની શરૂઆત કરાવવા માટે તેઓને પ્રેરણા આપવાની તેમજ વરસાદી પાણીના બચાવ માટે સરકારના 'વોટર હાર્વેસ્ટીંગ'અભિયાનમાં યોગદાન આપવાની સલાહ મુખ્યમંત્રીએ મહિલા સાહસિકોને આપી હતી.

ચેમ્બરની મહિલા સાહસિકોએ ગુજરાતના માનનીય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઇ પાનશેરીયાની સાથે પણ મુલાકાત કરી હતી.

શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, મહિલાઓ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. શિક્ષણ મેળવીને મહિલાઓ આત્મનિર્ભર બને છે, આથી તેમણે મહિલાઓને શિક્ષણ -ત્યે જાગૃત કરવામાં સરકારની મદદ કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત મહિલા સાહસિકોએ વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકર ચૌધરી અને ધારાસભ્ય રેવાબા જાડેજા તથા અન્ય રાજકીય નેતાઓની પણ મુલાકાત લીધી હતી.

**પતિ અને સાસરિયા પક્ષના ચાર વિરુદ્ધ ગેંગરેપની ફરિયાદ**

# ઠંડા પીણામાં કંઇક નાખી બેભાન કરી આખી રાત વારાફરતી દુષ્કર્મ ગુજાર્યું

■ સુરત, તા. ૦૪

ગોડાદરા વિસ્તારમાં એક પરિણીતાને હેવાનિયતનો ભોગ બનાવવાની ચકચારી ઘટના સામે આવી છે. મહારાષ્ટ્ર પિયરમાં ગયેલી પરિણીતાએ તેના પતિ, દિયર, જેઠ સહિત સાસરિયા પક્ષના ચાર સભ્યો વિરુદ્ધ ગેંગરેપની ફરિયાદ નોંધાવી છે. મહિલાના પતિ સહિત સાસરિયાઓએ ઠંડા પીણામાં કંઈક નાખી બેભાન બનાવી આખી રાત વારાફરતી દુષ્કર્મ આચર્યું અને ત્યારબાદ કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ચૂપ કરાવી દીધી.

આ કેસની વિગત મુજબ, રાજસ્થાનના વતની અને હાલ સુરતના ગોડાદરામાં મહારાણા પ્રતાપ ચોક પાસે રહેતા યુવક સાથે મહારાષ્ટ્રની યુવતીના પ્રેમલગ્ન થયા હતા.

યુવતી તેના પરિવારની મરજી વિરુદ્ધ જઈને પતિ સાથે રહેવા આવી હતી. જોકે, લગ્ન પછી પરિણીતાને પોતાનાં જ પતિ અને સાસરિયાંઓની ભયાનક હકીકતનો સામનો કરવો પડ્યો હતો.

પરિણીતાએ મહારાષ્ટ્ર પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ની રાત્રે તે પતિ, દિયર અને જેઠ સહિત ચાર વ્યક્તિઓ સાથે જમવા બેઠી હતી. જમ્યા બાદ પતિએ તેને ઠંડુ પીણું પીવડાવ્યું.

જે બાદ થોડા સમય પછી તેને ભારે ઊંઘ આવવા લાગી અને અચેતન થઈ ગઈ. રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જ્યારે તે સંપૂર્ણપણે બેભાન થઈ ગઈ ત્યારે પતિ સહિત ચારેય લોકોએ તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું.

સવારના ૮ વાગ્યે, પરિણીતા ભાનમાં આવી ત્યારે તેને સઘળી હકીકતની જાણ થઈ. તેણીએ તાત્કાલિક પરિવારજનોને વાત કરવાનું નક્કી કર્યું, પરંતુ પતિ અને સાસરિયાઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ચૂપ કરાવી દીધી

**તા.૬ થી ૧૫ માર્ચ દરમિયાન સુરતના અડાજણ ખાતે**

# 'આત્મનિર્ભર મહિલા, આત્મનિર્ભર ગામ'ના ઉદ્દેશ્યથી 'સરસ મેળો-૨૦૨૫' યોજાશે

માહિતી બ્યુરોઃ

સુરતૈમંગળવારૈ

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગ્રામીણ મહિલા સ્વ-સહાય જૂથોને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે સુરતના અડાજણ ખાતે તા.૬ થી ૧૫ માર્ચ દરમિયાન હનીપાર્ક ગ્રાઉન્ડ, લ્ઘ્ પાર્ટીપ્લોટ, અડાજણ ખાતે 'સરસ મેળો-૨૦૨૫ (ર્લ્શ્રીરુ ફ્રૂશ્રી-૨૦૨૫) યોજાશે. તા.૬ઠ્ઠીએ સાંજે ૬.૦૦ વાગ્યે સરસ મેળાને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલના હસ્તે ખૂલ્લો મૂકવામાં આવશે.

તા.૬ થી ૧૫ માર્ચ દરમિયાન આ મેળો સવારે ૧૦.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ સુધી ખૂલ્લો રહેશે.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત દેશના વિવિધ રાજ્યો તથા ગુજરાત રાજ્યના ગ્રામીણ મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી કલાત્મક વિવિધ વસ્તુઓના વેચાણ દ્વારા સ્વસહાય જૂથો (સખી મંડળો)ને બજાર વ્યવસ્થા પૂરી પાડી તેમને સ્વનિર્ભર અને સશક્તિકરણ કરવાના આશયથી -દર્શન સહ વેચાણ થાય તે હેતુથી આયોજન કરાયું છે. મેળામાં હસ્તકલા, હેન્ડલૂમ, ફુડ -ોડક્ટ સાથે સંકળાયેલા ગ્રામીણ મહિલા જૂથોના ૧૫૦ જેટલા સ્ટોલ હશે, જેમાં રાજ્યના ૧૦૦, અન્ય રાજ્યના ૫૦ સ્ટોલ ઉભા કરાશે. બેસ્ટ સ્ટોલ ડેકોરેશન, બેસ્ટ ઈનોવેટીવ -ોડક્ટ, બેસ્ટ સેલર અને ડિજિટલ પેમેન્ટને -ાધાન્ય આપતા સ્ટોલને પુરસ્કૃત કરાશે.

ગ્રામીણ મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટેના આ સરસ મેળામાં હરિયાણા, આંધ્ર-દેશ, આસામ, પંજાબ, છત્તિસગઢ, તેલંગાણા, રાજસ્થાન, મેઘાલય, મહારાષ્ટ્ર ઉત્તર-દેશ, અને કેરળ સહિતના રાજ્યો ભાગ લેશે. હરિયાણાની હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ, આસામ અને મેઘાલયની બામ્બુ આર્ટ, તેલગાણાંની પોચમપલ્લી, હેન્ડલૂમ, આંધ્ર-દેશની કલમકારી આર્ટ પેઈન્ટીંગ ઉત્તર-દેશની હેન્ડલૂમ બેટશીટસ, કેરલાનું કિચન એગ્રીકલ્ચર -ોડક્ટ, મહારાષ્ટ્રના કોલોપુરી ચંપલ સહિતની ચીજવસ્તુઓના સ્ટોલનો પણ આ મેળામાં સમાવેશ કરાયો છે. તેમજ ૧૫ લાઈવ ફૂડ સ્ટોલ રહેશે, જેમાં ગુજરાતના ૧૦ અને હિમાચલ -દેશ, મહારાષ્ટ્ર,પંજાબ, હરિયાણા રાજસ્થાન આ તમામ રાજ્યના એક એક સ્ટોલ કુલ ૫ સ્ટોલ રહેશે, જેમાં અવનવી મિલેટસ અને ટ્રેડીશનલ ફૂડનો લ્હાવો માણવા મળશે. આ -સંગે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી -ફુલભાઈ પાનશેરિયા, મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા પંચાયત -મુખ ભવિનીબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ. બી. -જાપતિ, ગુજરાત લાઈવલીહુડ -મોશન કંપની લી.ના અધિકારીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આકર્ષક કાર્યક્રમો રજૂ કરાશે.

**છેલ્લા પાનાનું ચાલુ**

**સુરતમાં**

મળ્યું છે. વિદ્યાર્થીની અડધું જ પેપર લખી શકી હતી. આ ઘટનાએ વિદ્યાર્થીઓમાં થોડીવાર માટે ગભરાટ ફેલાવી દીધો હતો, પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સની ત્વરિત કાર્યવાહીથી વિદ્યાર્થીનીને સમયસર સારવાર મળી શકી હતી.

**દિવ્યાંગતાની**

ગાંજાના જથ્થા ઉપરાંત વજનકાંટો તથા નાના પાઉચ મળી આવ્યા હતા. આરોપીની પૂછપરછ કરતાં તે દિવ્યાંગ હોવાને કારણે રેલવેની મુસાફરી મફત હોવાથી તે ટ્રેનમાં ઓરિસ્સાના સચિના ગામે ગયો હતો. અહીં ગાંજાનું મોટાપાયે વેચાણ થતું હોવાથી એ અહીં એક વ્યક્તિને મળ્યો હતો અને તેની પાસેથી આ ગાંજાનો જથ્થો પ્લાસ્ટિકમાં સેલોટેપ વીંટાળી સુરત લઈ આવ્યો હતો.

આરોપી યુવક દિવ્યાંગ હોવાથી તેને કોઈએ ચેક પણ કર્યો ન હતો. આ ગાંજાની પાંચ-પાંચ ગ્રામના નાના પાઉચ બનાવી કાપોદ્રા બ્રિજ નીચે અડ્ડો જમાવી વેચાણ કરતો હતો. કાપોદ્રા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પૂણા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. દેસાઈને સોંપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં કતારગામના ઉત્કલનગર અને અશોકનગરમાં ગાંજાનો મોટાપાયે વેપલો ચાલતો હતો. રેલવે પટરીને અડીને આવેલા આ વિસ્તારોમાં શાકભાજીની જેમ ગાંજો વેચાતો હતો. જોકે, તંત્રએ અહીં મોટાપાયે ડિમોલીશન કરતાં ગાંજાની બદી પર રોક લાગી ગઈ હતી.

**ફાયર**

વિભાગ ને વધુ આધુનિક બનાવવા તરફ જઈ રહ્યા છીએ. ફાયર વિભાગમાં ઈન્ટ્રિગ્રેટેડ ફાયર સિસ્ટમ શરૂ કરવા જઈ રહ્યા છે.જેને કારણે રિયલ ટાઈમ મોનિટર સિસ્ટમ છે. ઓલા-ઉબેર જે રીતે કામ કરે છે તે રીતે જીપીએસ સિસ્ટમ દરેક ગાડીમાં લગાડવામાં આવશે. કંટ્રોલરૂમમાંથી મોનિટર લગાડવામાં આવશે દરેક ગાડીમાં જેના થકી કયા રૂટ ઉપરથી ફાયરની ગાડી ઘટના સ્થળ ઉપર પહોંચશે તે અંગે માહિતી આપવામાં આવશે. જેથી કરીને ઝડપથી જે તે સ્થળ ઉપર પહોંચી શકાશે.

આગ લાગવાની ઘટનામાં પહેલો જ અધિકારી ઘટના સ્થળ ઉપર પહોંચશે તેણે ટ્રાફિક વિભાગના પોલીસકર્મચારીની માફક બોડી વોર્ન કેમેરો પહેર્યો હશે. જે અધિકારી ત્યાં પહોંચે સીન ઓફ ફાયર કેવું છે તે જણાવશે. અધિકારી ઘટના સ્થળ પર પહોંચવાની સાથે જ રિયલ જે સ્થિતિ હશે તે પણ કંટ્રોલ રૂમને જાણ થઈ જશે. જેને કારણે જે પણ ગાડીઓ અવેલેબલ હશે તે પૈકી કઈ ગાડી ને ત્યાં પહોંચવા માટે જાણ કરવાની છે તે પણ કંટ્રોલરૂમમાંથી જ નક્કી થશે. રીયલ ટાઈમની સિચ્યુએશન ખબર પડતા વધુ સારી રીતે આપણે કામ કરી શકીશું.

સુરત શહેરમાં ૧૮ ફાયર સ્ટેશન અને એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર કાર્યરત છે. આ ઉપરાંત શહેરમાં નવા ફાયર સ્ટેશનની દરખાસ્ત છે. સુરત ફાયર વિભાગ પાસે હાલમાં ૧૫૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓનો સ્ટાફ છે. તે જ સમયે ફાયર ટેન્ડર, વોટર બ્રાઉઝરથી લઈને હાઈડ્રોલિક પ્લેટફોર્મ સુધીના કુલ ૧૧૦થી વધુ આધુનિક વાહનો અને સાધનો છે.

**કેદારના**

આ દુઃખદ ઘટના ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ બની હતી, જ્યારે વરિયાવ રોડ પર આવેલા તૂટેલા ગટરનાં ઢાંકણમાં પડવાથી બે વર્ષના કેદારનું મૃત્યુ થયું હતું. આ ઘટનાએ સમગ્ર શહેરને કંપાવી દીધું હતું. જવાબદાર અધિકારીઓની ગફલતને લીધે એક નિર્દોષ બાળકનું મોત થયું હોવા છતાં, હજુ સુધી કોઈ દોષિત સામે કોઈ સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.આજે ૪ માર્ચ છે, એક મહિનો વીતી ગયો, પણ કેદારના માતા-પિતા ન્યાય માટે હજુ પણ રાહ જોઈ રહ્યા છે. આ ઘટનાને કારણે લ્ઘ્ની કામગીરી પર પણ ગંભીર સવાલો ઉઠ્યા છે, કારણ કે આ ઘટના બાદ પણ શહેરમાં અનેક જગ્યાઓએ ખુલ્લા ગટર છે, જે બીજા કેદાર માટે પણ જોખમ ઉભું કરી શકે છે.

SMCના ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીએ અમરોલી પીઆઈને લખેલા પત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ડેપ્યુટી ઈજનેર રાકેશ પટેલ અને સુપરવાઈઝર ચેતન રાણા આ ઘટનાના જવાબદાર છે તેમ છતાં, આ બે અધિકારીઓ સામે કોઈ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા નથી અને તેઓ ગાયબ છે.

અમરોલી પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, જો આવતા કેટલાક દિવસોમાં આ બંને અધિકારીઓ પોલીસ સમક્ષ હાજર નહીં થાય તો બન્ને વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કરવામાં આવશે. આ ઉપરાંત, પોલીસ SMCની વધુ ઉપરની કક્ષાના અધિકારીઓને પણ સવાલ-જવાબ માટે બોલાવી શકે છે, કારણ કે આ ઘટના માત્ર બે વ્યક્તિઓની જ જવાબદારી નથી, પરંતુ આખા તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થ ઊભો થાય છે.

**પહેલા પાનાનું ચાલુ**

**પી.એમ**

*ઝિબ્રાના ઝૂંડ વચ્ચેથી પસાર થયા હતા અને ગેંડાના બચ્ચાને પણ ભોજન ખવડાવ્યું હતું. આ ગેંડાનું બચ્ચું તેની માતાના નિધન બાદ અનાથ થઈ ગયું હતું.*

*અહીં વડાપ્રધાન મોદીએ મોટો અજગર, બે માથાવાળો સાપ, બે માથાવાળો કાચબો પણ જોયો હતો, જેમને ખેતરોમાંથી રેસ્ક્યૂ કરાયા હતા. આ ઉપરાંત તેમણે અહીં રેસ્ક્યૂ કરાયેલી જળબિલાડી, સીલ અને કાળિયાર પણ નિહાળ્યા હતા, તો ખાસ જકૂઝીમાં સ્નાન લઈ રહેલા હાથીઓ પણ જોયા.*

*વડાપ્રધાન મોદીએ વનતારામાં આવેલી દુનિયાની સૌથી મોટી હાથીઓની હૉસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. સમગ્ર વાઈલ્ડલાઈફ સેન્ટરમાં કામ કરતાં તબીબો, સપોર્ટિંગ સ્ટાફ તથા વર્કર્સ સાથે PM મોદીએ સંવાદ કર્યો હતો તથા રેસ્ક્યૂ કરીને લવાયેલા પોપટોને પણ ખુલ્લા વાતાવરણમાં મુક્ત કર્યા હતા.*

**અમેરિકાએ**

*યુક્રેનને ટેકો જાહેર કર્યો હતો. યુરોપના અનેક દેશોના વડા સાથે યુક્રેનના રાષ્ટ્રપતિએ બેઠક કરી હતી. યુરોપિયન દેશો દ્વારા યુદ્ધ રોકવા માટે એક 'પીસ પ્લાન' પણ બનાવવામાં આવ્યો છે, જે ટ્રમ્પ સમક્ષ રજૂ કરવામાં આવશે.*

# રાજ્ય સરકાર દ્વારા સમાન સિવિલ કોડ સમિતિને અહેવાલ રજૂ કરવા વધુ ૪૫ દિવસની મુદત અપાઈ

*ગાંધીનગર,તા.૪*

*ગુજરાતના રહેવાસીઓ, સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત ગુજરાત સ્થિત સંસ્થાઓ સમાન સિવિલ કોડ અંગે વધુમાં વધુ પોતાના સૂચનો-મંતવ્યો રજૂ કરી શકે અને તેને ધ્યાને લઈ સમિતિ કાયદાની આવશ્યકતા ચકાસી કાયદાનો મુસદ્દો તૈયાર કરી શકે તે હેતુથી અહેવાલ રજૂ કરવાની મુદ્દત વધારી આપવા સમિતિ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા તા. ૪/૦૩/૨૦૨૫ ના ઠરાવથી સમાન સિવિલ કોડ સમિતિને અહેવાલ રજૂ કરવા વધુ ૪૫ દિવસની મુદત આપવામાં આવી છે.*

*અત્રે ઉલ્લેખનીય છે કે, સમિતિ દ્વારા UCC સંદર્ભે સરકારના વિવિધ આયોગો, વિવિધ ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે આજે બેઠકો યોજવામાં હતી. વધુ પ્રતિભાવો મેળવવાના ભાગરૂપે સમિતિ દ્વારા વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ સમાન સિવિલ કોડ અંગે અભિપ્રાયો મેળવવામાં આવશે.*

### અડધું પેપર લખ્યું ને તબિયત ખરાબ થઈ

# સુરતમાં બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીનીની તબિયત લથડી, ૧૦૮ એમ્બ્યુલન્સે હોસ્પિટલ પહોંચાડતા સમયસર સારવાર મળી

**■ સુરત, તા. ૦૪**

સુરતમાં આજે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થીનીની તબિયત અચાનક ખરાબ થતા સ્કૂલમાં દોડધામ થઈ ગઈ હતી. આ મામલે સ્કૂલ દ્વારા તાત્કાલિક ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ગણતરીની મિનિટોમાં સ્કૂલ પહોંચેલી વિદ્યાર્થીનીને ઓક્સિજન સપોર્ટ સાથે હોસ્પિટલ ખસેડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીનીને છાતીમાં દુખાવો થતો હતો અને અડધું જ પેપર હજુ લખી શકી હતી.






મળતી માહિતી પ્રમાણે, અલથાણ વિસ્તાર આવેલી શ્રી સત્ય સાંઈ સ્કૂલમાં આજે ધો.-૧૦ બોર્ડની પરીક્ષા ચાલી રહી હતી. ત્યારે ધોરણ ૧૦માં અભ્યાસ કરતી પૂજાબેન રાજપૂત નામની વિદ્યાર્થીનીની તબિયત અચાનક લથડી હતી. પૂજાબેનને છાતી અને કમરમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ શાળા સંચાલકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કર્યો હતો. સુરત નવજીવન લોકેશનના પાયલોટ કરણભાઈ ચોટાલા અને ૨૮૮ વાત્સલતા બેન ડામોર ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

સુરત ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસના ટેરેટરી ઈન્ચાર્જ રોશન દેસાઈએ જણાવ્યું હતું કે, એમ્બ્યુલન્સ સ્ટાફે પૂજાબેનને તપાસ્યા બાદ તેમને તાત્કાલિક ઓક્સિજન સપોર્ટ પર લીધા હતા. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે ભટાર રોડ ખાતે આવેલી અમૃતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પૂજાબેનની તબિયત હાલમાં સ્થિર હોવાનું જાણવા

અનુસંધાન પાના ૭ પર

# દિવ્યાંગતાની સ્થિતિનો દુરુપયોગ ટ્રેનમાં મુસાફરી ફ્રી હોવાનો ગેરલાભ લઇ વિકલાંગ યુવક ઓરિસ્સાથી ગાંજો લાવ્યો; કાપોદ્રા બ્રિજ નીચે ૫-૫ ગ્રામની પડીકીમાં નશો વેચતો



**■ સુરત, તા. ૦૪**

દિવ્યાંગો માટે ટ્રેનમાં મુસાફરી ફ્રી હોવાનો ગેરલાભ લઈ સુરતના કાપોદ્રા ભરવાડ ફળિયામાં રહેતો ૪૦ વર્ષીય વિકલાંગ યુવક વતન ઓરિસ્સાથી ગાંજાની હેરાફેરી કરવા માંડ્યો હતો. પોલીસે તેની પાસેથી ૧.૦૫ લાખની કિંમતનો દોઢ કિલો ગાંજો કબજે કર્યો છે. આ યુવકે ગાંજો રાખ્યો હતો અને ગાંજાની પાંચ ગ્રામની પડીકી બનાવી કાપોદ્રા બ્રિજ નીચે છૂટકમાં વેચાણ કરતો હોવાની કબૂલાત કરી હતી.

કાપોદ્રા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ કાપોદ્રા ભરવાડ ફળિયાના એક મકાનમાં રેડ કરવામાં આવી હતી. પેથા ભરવાડની ચાલમાં પહેલાં માળે એક મકાનમાં પત્ની અને બે સંતાનો સાથે રહેતો અને વિકલાંગ(દિવ્યાંગ) ૪૦ વર્ષીય કિશોરચંદ્ર દંડાશી મહારાણી (મૂળ રહે. બાબનપુર, આસ્કા, ઓરિસ્સા) ગાંજાનું વેચાણ કરતો હોવાની બાતમી પોલીસને મળી હતી.

ઘરની અંદર તપાસ કરવા દરમિયાન ૧ કિલો, ૫૮૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ૧,૦૫,૮૬૦ રૂપિયાની કિંમતના

અનુસંધાન પાના ૭ પર

# ફાયર જવાનોને પણ બોડીવોર્ન કેમેરા અપાશે રાજ્યમાં સૌ પ્રથમ સુરત ફાયર વિભાગમાં

## ઇન્ટિગ્રેટેડ ફાયર સિસ્ટમ લગાડી રિયલ ટાઇમ ડેટા મેળવાશે, ગાડીઓ GPSથી સજ્જ કરાશે

**■ સુરત, તા. ૦૪**

સુરત શહેરમાં હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ અને જિલ્લામાં મોટા પ્રમાણમાં અન્ય ઉદ્યોગો આવેલા છે. અહીં અવારનવાર આગ સહિતના અકસ્માતના બનાવો બનતા રહે છે. જેમાં અનેકવાર ફાયર વિભાગ સમયસર ન પહોંચ્યાની ફરિયાદો પણ ઊઠતી રહી છે. ત્યારે આ પ્રકારની સ્થિતિને પહોંચી વળવા અને તાત્કાલિક બચાવ કામગીરી થઈ શકે તે માટે રાજ્યમાં સૌ પ્રથમ સુરત ફાયરબ્રિગેડે ઈન્ટિગ્રેટેડ ફાયર સિસ્ટમનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે કંટ્રોલ રૂમને રિયલ ટાઈમ ડેટા મળશે.



આ ઉપરાંત ફાયર જવાનોને પોલીસની માફક બોડી વોર્ન કેમેરા અપાશે. જેથી ફાયર જવાન સ્થળ પર પહોંચતાં જ અકસ્માત કેટલો ગંભીર છે એની જાણકારી સીધી જ કંટ્રોલ રૂમને મળી જશે. આ સમગ્ર બાબતે સુરતના ચીફ ફાયર ઓફિસરે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી હતી.

સુરત શહેરમાં ભૂતકાળમાં અને તાજેતરમાં જે પ્રકારે આજની ઘટના બની છે તેનાથી સૌકોઈ વાકેફ છે ખાસ કરીને સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં જે પ્રકારે આગ લાગતી હોય છે તેના કારણે કલાકો સુધી ટેક્સટાઈલ માર્કેટ આગના ભરડામાં હોમાઈ જાય છે. કરોડો રૂપિયાનું નુકસાન તો થાય છે પરંતુ ઘણી વખત નિર્દોષ લોકોના જીવ પણ જવાનો વખત આવતો હોય છે. ઘણા કિસ્સામાં લોકો મોતને પણ ભેટ્યા છે. તાજેતરમાં લાગેલી શિવશક્તિ માર્કેટમાં એક વ્યક્તિનો જીવ ગુમાવ્યો સાથે સાથે કરોડો રૂપિયાનો નુકસાન પણ થયું છે આવી સ્થિતિમાં સુરત શહેરના ફાયર વિભાગને વધુ અપડેટ કરીને આગ ઉપર ઝડપથી કાબુ મેળવવા માટે શક્ય તેટલા પ્રયાસો કરવા જરૂરી જણાય છે.

ચીફ ફાયર ઓફિસર બસંત પરીખે જણાવ્યું હતું કે સુરત ફાયર

અનુસંધાન પાના ૭ પર

# કેદારના મોતના જવાબદાર અધિકારીઓ એક મહિનાથી ફરાર

## પોલીસે નોટિસ આપ્યાના દસ દિવસ બાદ પણ કોઈ અત્તોપત્તો નહીં; આગામી દિવસોમાં હાજર નહીં થાય તો વોરંટ ઈસ્યુ કરાશે

**■ સુરત, તા. ૦૪**

છાપરાભાઠા-વરિયાવ રોડ પર તૂટેલા ગટરનાં ઢાંકણમાં પડીને બે વર્ષના બાળકી કેદારના દુ:ખદ અવસાનને હવે એક મહિનો થવાનો છે, છતાંય કેસમાં કોઈ દોષિત અધિકારી સામે કાયદેસર કાર્યવાહી થઈ નથી. અમરોલી પોલીસ દ્વારા સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો હોવા છતાં સુરત મહાનગરપાલિકા (SMC)ના બે અધિકારીઓ રાકેશ પટેલ (ડેપ્યુટી ઈજનેર) અને ચેતન રાણા (સુપરવાઈઝર) હજુ સુધી પોલીસ સમક્ષ હાજર થયા નથી. આ બંને અધિકારીઓની ગેરહાજરીને



કારણે પોલીસે ૧૦ દિવસ અગાઉ નોટિસ ફટકારી હતી, તેમ છતાં તેઓ અદ્દશ્ય છે.

આ કેસમાં જ્યારે અમરોલી પોલીસ રાકેશ પટેલ અને ચેતન રાણાને શોધવા માટે તેમના ઓફિસ અને નિવાસસ્થાને પહોંચી, ત્યારે બંને ત્યાં હાજર ન હતા. પોલીસ પરિવારજનોને સ્પષ્ટ સૂચના આપીને કહ્યું કે, જો આરોપી ઘરે આવે તો તરત જ પોલીસને જાણ કરવી અથવા તેમને પોલીસ સમક્ષ હાજર થવાનું જણાવવું. જો કે, આ નોટિસ આપ્યા ને ૧૦ દિવસ વીતી ગયા છતાં બંને અધિકારીઓ હજુ સુધી પોલીસ સમક્ષ હાજર થયા નથી.

પોલીસે તેમના મોબાઈલ નંબર ટ્રેસ કરવાનો પ્રયાસ કર્યો, પણ તેમણે પોતાનો મોબાઈલ બંધ કરી દીધો છે જે બંનેની જાણી-જોઈને ભાગી જવાની સંભાવનાઓને વધુ મજબૂત બનાવે છે. આ તમામ વાતોને ધ્યાને રાખીને, અમરોલી પોલીસ હવે આગામી પગલાં ભરવાની તૈયારી કરી રહી છે.

અનુસંધાન પાના ૭ પર




**PRINTED BY** GANESH PANDURANG SAWANT AND **PUBLISHED BY** GANESH PANDURANG SAWANT **ON BEHALF OF SHREE SAI PRAKASHAN AND PRINTED AT** SHREE SAI PRAKASHAN 26-27, SAHYOG SOCIETY, GUJARAT HOUSING BOARD, SACHIN- KANSAD ROAD, SURAT, **AND PUBLISHED AT** 1 TO 6, SANKALP SHOPPING CENTER OPP. ALTHAN TENAMENT,BHATAR ROAD, SURAT. **AND EDITOR** GANESH PANDURANG SAWANT , **RNI No. 54951/93** E-MAIL : navgujarat@yahooo.co.in, navgujarattimes@rediffmail.com phone No. 0261-2264749 Fax No. 0261-2264849.